સૌને રક્ષાબંધનની શુભકામનાઓ...



'વાત કચ્છીયતની'

# ન્યુઝ 4 કચ્છ

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષ: ૦૨ અંક : ૩૨ તા.૧૯.૦૮.૨૦૨૪, સોમવાર પાના: ૬ કિંમત: રૂા.૧ રજી.ઓફિસ: ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 32 Dt. 19-08-2024, Monday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com

# કોલકાતા દુષ્કર્મ-હત્યા કેસમાં સુપ્રીમ કોર્ટે સુઓમોટો લીધો

**કોલકાતા દુષ્કર્મ-હત્યા કેસના સમગ્ર દેશમાં પડઘા પડી રહ્યા છે. હાઈકોર્ટે આ મામલે સરકારની જાટકણી કાઢી છે. તો બીજી તરફ ડોક્ટરો હળતાલ પર છે ત્યારે હવે સુપ્રીમ કોર્ટે જાતે આ મામલે સંજ્ઞાન લીધુ છે. જેની વધુ સુનવણી ૨૦ ઓગસ્ટમાં થશે : દેશભરમાં વિરોધ યથાવત, કેન્દ્ર સરકાર હવે દર બે કલાકે આ મામલે રીપોર્ટ આપશે વિરોધને પગલે કોલેજ બહાર કડક નિયમો લાગુ કરાયા**

કોલકાતા, તા.૧૮

સુપ્રીમ કોર્ટે રવિવારે કોલકાતામાં ટ્રેઈની ડોક્ટરની બળાત્કાર-હત્યા કેસનું જાતે સંજ્ઞાન લીધું છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની બેંચે ૨૦ ઓગસ્ટે સવારે ૧૦.૩૦ વાગ્યે આ કેસની સુનાવણી કરશે. સીજેઆઈ ઉપરાંત જસ્ટિસ જેબી પાદરીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રા બેન્ચમાં હશે.પશ્ચિમ બંગાળનાં કોલકાતાની આર.જી.કર મેડિકલ કૉલેજમાં મહિલા ટ્રેની ડૉક્ટર પર દુષ્કર્મ કરાયા બાદ હત્યાના વિરોધમાં દેશભરમાં રોષ ભભુક્યો છે. વિવિધ રાજ્યોમાં ડૉક્ટરો અને મેડિકલ કર્મચારીઓ ઘણાદિવથી આંદોલન સાથે ભારે દેખાવો કરી રહ્યા છે, ત્યારે હવે સુપ્રીમ કોર્ટે આ કેસ સાંભળવાનો નિર્ણય કર્યો છે.સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચૂડ, ન્યાયાધીશ જે.પી. પારદીવાલા અને ન્યાયાધીશ મનોજ મિશ્રાની બેંચ મંગળવારે ૨૦મી ઓગસ્ટે આ કેસની સુનાવણી કરશે. આ કેસની પ્રથમ પ્રાથમિકતા આપી પહેલા સુનાવણી કરાશે.કેસની તપાસ કરી રહેલી સીબીઆઈએ કહ્યું કે આરોપી સંજયનો સાયકોલોજિકલ ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે.નવમી ઓગસ્ટે મહિલા ટ્રેની ડૉક્ટર પર દુષ્કર્મ બાદ હત્યાની ભયાનક અને શરમજનક ઘટના બની હતી. ત્યારબાદ આ મામલે દેશભરમાં આક્રોષ અને ડૉક્ટરો-મેડિકલ કર્મચારીઓ હડતાળ વચ્ચે સુપ્રીમ




કોર્ટમાં ૧૭મી ઓગસ્ટે એક અરજી દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ મુખ્ય ન્યાયાધીશને મોકલાયેલા આ પત્રની અરજીમાં સુપ્રીમ કોર્ટને આ ઘટના અંગે સુઓ મોટુ સંજ્ઞાન લેવાની વિનંતી કરાઈ હતી.આ દરમ્યાન વિરોધ વચ્ચે કેન્દ્ર સરકારે નવો આદેશ જારી કરીને કહ્યું- હવે તમામ રાજ્યો ફેક્સ, ઈ-મેલ અથવા વોટ્સએપ દ્વારા દર બે કલાકે ગૃહ મંત્રાલયના કંટ્રોલ રૂમને કાયદો અને વ્યવસ્થાની માહિતી આપશે.કોલકાતા પોલીસે આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ નજીક ભારતીય ન્યાય સંહિતા CRPC ની અગાઉની કલમ ૧૪૪ ની કલમ ૧૬૩ લાગુ કરી છે.દેશભરની હોસ્પિટલોમાં સેવાઓને અસર થઈ હતી. દિલ્હીની મોટી ખાનગી હોસ્પિટલોમાં ઓપીડી, ઈમરજન્સી સિવાયની સર્જરી અને આઈપીડી સેવાઓ બંધ થવાને કારણે સેંકડો દર્દીઓ પરેશાન થઈ ગયા હતા. કોલકાતાની ઘટના વચ્ચે દહેરાદૂન બંગાળમાં ફરી મહિલા પર અત્યાચારની ઘટના સામે આવી છે જેમાં દહેરાદુનમાં સરકારી બસમાં સગીરા સાથે સામૂહિક દુષ્કર્મનો હચમચાવી મૂકે તેવો કિસ્સો સામે આવ્યો છે. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો અને બસ ડ્રાઈવર, કંડક્ટર સહિત કુલ ૬ લોકોની ધરપકડ કરી લેવામાં આવી હોવાના અહેવાલ છે. આ ઘટના ૧૨ ઓગસ્ટની રાતે સાડા બાર વાગ્યે બની હોવાની જાણકારી છે. તે સમયે પીડિતા દિલ્હીના આઈએસબીટીથી ઉત્તરા ખંડ રોડવેઝની બસમાં દહેરાદૂન પહોંચી હતી. એ સમયે જ અડધી રાતે સગીરા સામે આ સામૂહિક દુષ્કર્મની હચમચાવી મૂકે તેવી ઘટના બની હતી. નંદીગ્રામમાં ભાજપના એક બૂથ પ્રમુખની પોલીસે ધરપકડ કરી છે. આરોપ છે કે તપસ દાસ નામના આ ભાજપ નેતાના સહયોગીઓ એક મહિલાના ઘરમાં ઘૂસી ગયા હતા અને તેનું ઉત્પીડન કર્યું હતું. આરોપ છે કે પીડિત મહિલાને નગ્ન કરીને રોડ પર ઢસડી હતી અને જાહેરમાં તેને માર માર્યો હતો. ભાજપે દાવો કર્યો હતો કે ભાજપ આ મામલે દાવો કરે છે કે આ એક પારિવારિક વિવાદનો મામલો હતો અને તેને રાજકીય રંગ અપાઈ રહ્યો છે. પશ્ચિમ બંગાળનાં કોલકાતાની આર.જી.કર મેડિકલ કૉલેજમાં મહિલા ટ્રેની ડૉક્ટર પર દુષ્કર્મ કરાયા બાદ હત્યાના વિરોધમાં દેશભરમાં રોષ ભભુક્યો છે. વિવિધ રાજ્યોમાં ડૉક્ટરો અને મેડિકલ કર્મચારીઓ ઘણા દિવસથી આંદોલન સાથે ભારે દેખાવો કરી રહ્યા છે, ત્યારે કોલકાતાનાં સાલ્ટલેક સ્થિત ફુટબૉલ સમર્થકો પર પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો ભારે દેખાવોને પગલે અગાઉ કોલકાતા પોલીસે આરજી કર મેડિકલ કૉલેજ એન્ડ હોસ્પિટલ પાસે કલમ ૧૪૪ લાગુ કરી હતી. હવે કોલકાતા પોલીસ કમિશનરે બેલિયાઘાટના ઈએમ બાઈપાસ સ્થિત કલમ ૧૬૩ (અગાઉ ૧૪૪) નોટિસ જારી કરી દીધી છે, જેના કારણે પોલીસે સાલ્ટલેક સ્થિત યુવા ભારતી રમતના મેદાનમાં ઈસ્ટ બંગાળ અને મોહન બાગાનની યોજાનાર ડર્વી ફુટબોલ મેચ રદ કરી દેવાઈ હતી.

## બજરંગ પુનિયા તિરંગાના પોસ્ટર પર પગ રાખતા વિવાદ

પેરિસથી ઘરે પરત આવેલી વિનેશ ફોગાટના સ્વાગત કાર્યક્રમ દરમિયાન રેસલર બજરંગ પુનિયા વિવાદમાં આવ્યો છે. વિનેશ ફોગાટને આવકારવા માટે લાવવામાં આવેલી જી-વેગન કારના બોનેટ પર તિરંગાના પોસ્ટર લગાવવામાં આવ્યા હતા. આ દરમિયાન બજરંગ કારના બોનેટ પર ચઢી ગયો હતો. તિરંગાનું પોસ્ટર તેના પગ નીચે આવી ગયું હતું. આ વીડિયો વાયરલ થતા જ બજરંગ ટ્રોલ થવા લાગ્યો હતો બ્રિજભૂષણના નજીકના સંજય સિંહ WFIની ચૂંટણીમાં અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. જે બાદ બજરંગ પુનિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને પદ્મશ્રી એવોર્ડ પરત કરવાની જાહેરાત કરી હતી. આ પત્રમાં બજરંગે ભારતીય કુસ્તી સંઘના અધ્યક્ષ પદ પર બ્રિજભૂષણના નજીકના સંજય સિંહની જીત સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. જ્યારે બજરંગ પુનિયા એવોર્ડ પરત કરવા માટે પીએમ આવાસ પહોંચ્યા તો ત્યાં હાજર પોલીસે તેમને અંદર જતા રોક્યા હતા. બજરંગ પુનિયા ગયા વર્ષે ચીનમાં હાંગઝોઉ એશિયન ગેમ્સની સેમિફાઈનલ મેચમાં હારી ગયો હતો. એટલું જ નહીં, બ્રોન્ઝ મેડલ મેચમાં પણ બજરંગને જાપાની રેસલર કે. યામાગુચીએ ૧૦-૦થી હરાવ્યો હતો. તેની હાર બાદ સોશિયલ મીડિયા પર ઘણા લોકો ગુસ્સે થયા હતા, કારણ કે તેણે એશિયન ગેમ્સમાં ભાગ લેતા પહેલા કોઈ સ્પર્ધાત્મક મેચમાં ભાગ લીધો ન હતો.

## રશિયામાં ૭.૨ તીવ્રતાનો ભૂકંપ, કામચટકામાં જ્વાળામુખી ફાટ્યો

રશિયાના પૂર્વ કિનારે ૭.૦ની તીવ્રતાના ભૂકંપ બાદ સિવલુચ જ્વાળામુખી ફાટી નીકળ્યો છે અને સુનામીનો ખતરો છે. જ્વાળામુખીની રાખ દરિયાની સપાટીથી ૮ કિલોમીટર સુધી જોઈ શકાય છે.અહેવાલ અનુસારે જ્વાળામુખીમાંથી લાવા ઝડપથી વહે છે. જોકે, અત્યાર સુધી ભૂકંપ કે જ્વાળામુખીમાંથી નીકળતા લાવાના કારણે કોઈ વ્યક્તિને નુકસાન થયું નથી. કોઈના ઘાયલ થયાના સમાચાર નથી. શિવાલુચ જ્વાળામુખી દરિયાકાંઠાના શહેર પેટ્રોપાવલોવસ્ક-કામચત્સ્કીથી લગભગ ૨૮૦ માઈલ દૂર સ્થિત છે. અહીંની વસ્તી લગભગ ૧૮૧,૦૦૦ છે. તે કામચાટકા, રશિયામાં સ્થિત છે. યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) એ જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્ર પેટ્રોપાવલોવસ્ક-કામચત્સ્કીથી લગભગ ૫૫ માઈલ દક્ષિણમાં હતું. ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૩૦ માઈલની ઊંડાઈએ હતું.ભૂકંપના કારણે કોઈ મોટું નુકસાન થયું નથી. જો કે, ઈમારતોની તપાસ કરવામાં આવી રહી છે અને જો કોઈ નુકસાન થયું હોય તો કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા તેને સુધારી શકાય તેમ છે. આ સમયગાળા દરમિયાન, સામાજિક સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

## યુદ્ધનું મેદાન બન્યું સુદાનનું ગામ, બળવાખોર સૈનિકોએ ૮૫ લોકોની હત્યા કરી

સુદાનથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. અહીં શનિવારે અર્ધલશ્કરી દળના બળવાખોર સૈનિકોએ એક ગામ પર હુમલો કરી દીધો. જેમાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૮૫ લોકો માર્યા ગયા હતા. આ હુમલા દરમિયાન ઘરોમાં આગચંપી અને તોડફોડ મચાવી દેવામાં આવી હતી. અધિકારીઓએ કહ્યું કે છેલ્લા ૧૮ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષની આ સૌથી ખતરનાક ઘટના છે. સુદાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સ દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં ૧૫૦થી વધુ ગ્રામજનો ઘાયલ થયા હતા. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે એપ્રિલમાં અહીં ગૃહ યુદ્ધ શરૂ થયું ત્યારથી આરએસએફ પર દેશભરમાં વારંવાર નરસંહાર, દુષ્કર્મ અને અન્ય ગંભીર અત્યાચાર કરવાના આરોપ લાગી રહ્યા છે. અહેવાલ મુજબ ઘટનાનો ઉલ્લેખ કરતા ૩ ગ્રામવાસીઓએ કહ્યું કે સેંકડો આરએસએફ બળવાખોરોએ ગામમાં ઘૂસી વિસ્તારને ઘેરી લીધો હતો અને કલાકો સુધી સતત ગોળીબાર કર્યો અને લૂંટ ચલાવી. રિપોર્ટ અનુસાર હોસ્પિટલમાં ૮૦થી વધુ મૃતદેહો જોવા મળ્યા હતા, જેમાં ૨૪ મહિલાઓ અને સગીરોનો સમાવેશ થતો હતો. સુદાનની હાલત દિવસે ને દિવસે બદતર થતી જઇ રહી છે. આંતરરાષ્ટ્રીય પ્રવાસન સંગઠને જણાવ્યું કે ગૃહ યુદ્ધ શરૂ થયા બાદથી અત્યાર સુધી ૧૦.૭ મિલિયનથી વધુ લોકો બેઘર થઈ ગયા છે અને તેમાંથી ૨ મિલિયનથી વધુ લોકો તો પાડોશી દેશોમાં પલાયન કરી ગયા છે.

## ઈઝરાયેલ-ઈરાન વચ્ચે તણાવ વધ્યો

પેલેસ્ટાઈન અને હમાસ સાથેના યુદ્ધમાં ઈઝરાયલે ઈરાનના ઘરમાં ઘુસીને હમાસના ચીફ ઈસ્માઈલ હાનિયેહને ઠાર માર્યા બદલ ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ભારે તણાવ જોવા મળી રહ્યો છે. બંને દેશો વચ્ચે વધતા તણાવના કારણે સમગ્ર વિશ્વની નજર હવે મધ્ય-પૂર્વ પર છે. આ દરમિયાન અમેરિકા પોતાના મિત્ર દેશ ઈઝરાયલને બચાવવા માટે ભરપૂર પ્રયાસ કરી રહ્યું છે. ઈરાન અને તેના સહયોગી આતંકવાદી જૂથોના હુમલાઓ સામે રક્ષણ આપવા માટે અમેરિકાએ તેના ૩૦ ટકા નૌકાદળને ભૂમધ્ય સમુદ્રમાં અને તેની આસપાસ તહેનાત કરી છે. કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ અબ્રાહમ લિંકન એકથી બે દિવસમાં ભૂમધ્ય સમુદ્રમાં પહોંચી જશે. પરમાણુ મિસાઈલથી સજ્જ સબમરીન યુએસએસ જ્યોર્જિયા પણ નજીક પહોંચી ગઈ છે. દરમ્યાન અમેરીકી સમાચાર એજન્સી મુજબ અમેરીકાએ સ્પષ્ટ કર્યુ છે કે ઈરાન જો ઈઝરાયલ ઉપર હુમલો કરશે તો ખેદાન મેદાન થઇ જશે તેટલું જ નહીં પરંતુ ગાઝા યુદ્ધમાં યુદ્ધ વિરામ રાખવાના પ્રયત્નો પર પાણી ફરી વળશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ, ૧૫મી ઓગસ્ટે પાઠવેલા શુભેચ્છા સંદેશ અંગે આભાર માનવા સાથે તેઓનો યુદ્ધમાં મધ્યાંતર રાખી છેવટે યુદ્ધ બંધ કરવા અનુરોધ કર્યો હતો. બન્ને દેશ સજ્જ થઇ રહ્યા છે. તેવામાં તણાવ સતત વધતા અમેરીકા સહિતના દેશો પોતાની રીતે તૈયારીમાં લાગી ગયા છે.

હીઝબુલ્લાહ દક્ષિણ લેબેનોનમાંથી હુમલા કરી રહ્યા છે. હમાસે પણ ઈઝરાયલનાં પાટનગર તેલ અવિવ ઉપર રોકેટ અને મિસાઈલ હુમલા કરી રહ્યા છે. ઈઝરાયલી સૈન્યની ટુકડીઓ ઉપર હમાસ એમ-૯૦ પ્રકારનાં રોકેટ હુમલા કરી રહ્યા છે. તેમણે તેલ અવીવ ઉપર પણ એમ-૯૦ રોકેટસ છોડયાં હતાં પરંતુ તે અધવચ્ચે જ તોડી પાડવામાં આવ્યાં. માત્ર બે વાર રોકેટસ તેલ અવિવના બાહ્ય વિસ્તારો પર પડયાં.યુદ્ધનો કોઈ અંત અત્યારે દેખાતો નથી. અને તણાવ સતત વધી રહ્યો છે.

## UPSCમાં સીધી ભરતીની જાહેરાત પર વિવાદ

નવી દિલ્હી, તા.૮

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) એ લેટરલ એન્ટ્રી દ્વારા ૪૫ જગ્યાઓ માટે ભરતી માટેની જાહેરાત કરી છે. જેમાં ૪૫ જોઈન્ટ સેક્રેટરી, ડેપ્યુટી સેક્રેટરી અને ડાયરેક્ટર લેવલની પોસ્ટનો સમાવેશ થાય છે. આ પદો પર ભરતી વિવિધ મંત્રાલયોમાં સીધી ભરતી દ્વારા કરવામાં આવશે. આ ભરતીઓ અનુભવ અને કામના આધારે કરવામાં આવશે. તેની અરજીની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. જો કે વિપક્ષ મોદી સરકારના આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે.રકારે 'ડોમેન એક્સપર્ટસ' ની ભરતીની જાહેરાત કરી છે. યુપીએસસીએ તેના માટે જાહેરાત બહાર પાડી છે અને અરજીની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે. આ ભરતીમાં ૧૦ જગ્યાઓ સંયુક્ત સચિવ સ્તરની છે, અને બાકીની નિયામક અને નાયબ સચિવ સ્તરની જગ્યાઓ છે. જે નવીકરણીય ઊર્જા, મીડિયા, પર્યાવરણ, કૃષિ, ઈલેક્ટ્રોનિક્સ સંબંધિત મંત્રાલયોમાં ભરતી કરવામાં આવશે. બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે કહ્યું છે, કે 'આ ભરતીઓમાં કોઈપણ પ્રકારની અનામતની જોગવાઈ નથી. જો ભરતી UPSC દ્વારા કરવામાં આવે છે, તો SC, ST અને OBCને અનામતનો લાભ આપવો જોઈએ. કેન્દ્રની મોદી સરકાર બાબા સાહેબે લખેલા બંધારણ અને અનામતની ઘૃણાસ્પદ રીતે મજાક ઉડાવી રહી છે. આ જાહેરાત તેનું નાનું ઉદાહરણ છે. તો વિપક્ષના અનેક નેતાઓએ તેની ટીકા કરી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, લેટરલ એન્ટ્રી દ્વારા મહત્વની પોસ્ટો પર ભરતી કરી અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો કેટેગરીનું જાહેરમાં અનામત છિનવવામાં આવી રહ્યું છે. તેમણે કેન્દ્ર સરકારના આ નિર્ણયને વહીવટી માળખું અને સામાજિક ન્યાયને નુકસાન પહોંચવાનો નિર્ણય ગણાવ્યો છે અને કહ્યું છે કે, કેન્દ્ર સરકારના આ દેશવિરોધી પગલાનો ઈન્ડિયા ગઠબંધન મજબૂતી સાથે વિરોધ કરશે.'નરેન્દ્ર મોદી યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) ના બદલે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા જાહેર સેવકોની ભરતી કરી બંધારણને નુકસાન પહોંચાડી રહ્યા છે. ટૂંક સમયમાં કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોમાં સંયુક્ત સચિવો, નિર્દેશકો અને નાયબ સચિવોના મુખ્ય પદો પર ૪૫ નિષ્ણાતોની નિમણૂક થવાની છે. પણ તે પહેલાજ વિવાધ શરૂ થઈ ગયો છે.

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન યુપીએસસીની લેટરલ એન્ટ્રી સ્કીમનો વિરોધ કર્યો છે. અખિલેશ યાદવે સોશિયલ મીડિયા હેન્ડલ પર પોસ્ટ કર્યું યુપીએસસીએ લેટરલ સ્કીમ દ્વારા નોકરીઓ માટે સીધી ભરતી કરી છે, જેની સામે અખિલેશ યાદવે ભાજપ સરકારનો જોરદાર વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે પાછલા બારણે યુપી એસસીમાં ઉચ્ચ સરકારી હોદ્દા પર પોતાના વિચારધારકોની નિમણૂક કરવાના ભાજપના ષડયંત્ર સામે દેશવ્યાપી ચળવળ શરૂ કરવાનો સમય આવી ગયો છે. એસપી વડાએ વધુમાં જણાવ્યું હતું કે, આ યોજના આજના અધિકારીઓ તેમજ યુવાનો માટે વર્તમાન અને ભવિષ્યમાં ઉચ્ચ હોદ્દા પર પહોંચવાનો માર્ગ બંધ કરશે.

અખિલેશ યાદવ પીડીએ વોટ બેંક દ્વારા યુપીમાં ફરી સત્તા મેળવવામાં સફળ રહ્યા છે. તેમણે કહ્યું કે આ આખી યુક્તિ પીડીએ પાસેથી અનામત અને તેમના અધિકારો છીનવી લેવાની છે, હવે જ્યારે ભાજપને ખબર પડી ગઈ છે કે બંધારણને નાબૂદ કરવાના ભાજપના પગલા સામે દેશભરના પીડીએ જાગી ગયા છે, તો તેઓ સીધી ભરતી કરીને અનામત છીનવી લેશે. આવી પોસ્ટ અન્ય બહાના સાથે નામંજૂર કરવા માંગે છે.

## સાબરમતી ટ્રેન દુર્ઘટના અકસ્માત નહી ષડયંત્ર !

નવી દિલ્હી, તા.૧૮

યુપીના કાનપુરમાં સાબરમતી એક્સપ્રેસના અકસ્માતમાં આતંકવાદી કાવતરાના એંગલ પર તપાસ શરૂ કરવામાં આવી છે. ઈન્ટેલિજન્સ બ્યુરો બાદ હવે એન્ટ્રી ટેરરિસ્ટ સ્ક્વોડ ની ટીમ પણ કાનપુર પહોંચી હતી. રેલવેએ પનકી પોલીસ સ્ટેશનમાં અકસ્માત અંગે ફરીયાદ નોંધાવી છે. જેમાં અકસ્માત પાછળ કાવતરું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.રેલવેએ ફરીયીદમાં કહ્યું છે કે રેલવે ટ્રેક પર પાટાનો ટુકડો મૂકવામાં આવ્યો હતો. જેથી ટક્કર બાદ ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. રેલવે અધિકારીઓનું કહેવું છે કે આ અકસ્માત પાછળ ષડયંત્રની આશંકા છે કારણ કે પટના એક્સપ્રેસ સાબરમતી એક્સપ્રેસના ૧ કલાક ૨૦ મિનિટ પહેલા આ ટ્રેક પરથી પસાર થઈ હતી, ત્યારે લાઈન ક્લિયર હતી. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે દુર્ઘટના બાદ કહ્યું હતું - ટ્રેનનું એન્જીન ટ્રેક પર રાખેલી કોઈ ભારે વસ્તુ સાથે અથડાયું હતું. એન્જિન પર અથડાવાના નિશાન છે. પુરાવા સાચવવામાં આવ્યા છે. ૧૭ ઓગસ્ટના રોજ સવારે ૨.૩૫ કલાકે સાબરમતી એક્સપ્રેસ વારાણસીથી અમદાવાદ જઈ રહી હતી ત્યારે કાનપુર શહેરથી ૧૧ કિમી દૂર ભીમસેન અને ગોવિંદ પુરી સ્ટેશન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. હાલમાં લોખંડના સ્લીપર્સ લગાવીને ટ્રેકનું સમારકામ કરવામાં આવ્યું છે. રેલવે કર્મચારીઓ હાલમાં ટ્રેકને સંપૂર્ણપણે રિપેર કરવામાં વ્યસ્ત છે પરંતુ આંતકી નહી તો કોઈ ષડયંતની શંકા વ્યક્ત કરી તે દિશામાં તપાસ શરૂ કરાઈ છે.

## ભારત અને કુવૈત વચ્ચે મિત્રતાનું સદીઓ જૂનું બંધન : એસ. જયશંકર

નવીદિલ્હી,તા.૧૮

વિદેશ પ્રધાન એસ જયશંકર એક દિવસની મુલાકાતે કુવૈત પહોંચ્યા હતા જે દરમિયાન તેઓ કુવૈત નેતૃત્વ સાથે ભારત-કુવૈત દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓ પર વાતચીત કરશે. જયશંકરના દેશમાં આગમન બાદ કુવૈતના વિદેશ મંત્રી અબ્દુલ્લા અલી અલ-યાહ્યાએ તેમનું સ્વાગત કર્યું હતું. જયશંકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરીને કહ્યું, "હેલો કુવૈત. હું ઉષ્માભર્યા સ્વાગત માટે વિદેશ મંત્રી અબ્દુલ્લા અલી અલ-યાહ્યાનો આભાર માનું છું.

આજે કુવૈતી નેતૃત્વ સાથેની મારી બેઠકોની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો છું." વિદેશ મંત્રાલયે મુલાકાત પહેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેમની મુલાકાત બંને દેશોને રાજકીય મુદ્દાઓ, વેપાર, રોકાણ, ઉર્જા, સુરક્ષા, સાંસ્કૃતિક, કોન્સ્યુલર, ભારત-કુવૈત સહિત દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવાની અને પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરવાની તક મળશે.

લગભગ બે મહિના પહેલા કુવૈતમાં એક ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં ૪૫ ભારતીયોના મોત થયાના લગભગ બે મહિના બાદ વિદેશ મંત્રી અહીંયાની મુલાકાતે આવ્યા છે. કુવૈતના મંગાફમાં જૂન મહિનામાં સાત માળની ઈમારતમાં આગ ફાટી નીકળતાં ઓછામાં ઓછા ૪૯ વિદેશી કામદારો માર્યા ગયા હતા અને ૫૦ અન્ય ઘાયલ થયા હતા. વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે લખ્યું, "કુવૈત રાજ્યના ક્રાઉન પ્રિન્સ હિઝ હાઈનેસ શેખ સબાહ અલ-ખાલિદ અલ-સબાહ અલ-હમદ અલ-મુબારક અલ-સબાહને મળીને હું સન્માનિત છું.

રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને શુભકામનાઓ." ભારત અને કુવૈત સદભાવના અને મિત્રતાનું સદીઓ જૂનું બંધન ધરાવે છે. અમારી સમકાલીન ભાગીદારી સતત આગળ વધી રહી છે. અમારા સંબંધોને ઉચ્ચ સ્તરે લઈ જવા માટે તેમના માર્ગદર્શન અને સૂઝ માટે તેમનો આભાર."

## ફરી શરૂ થયો ધમકીનો સીલસીલો રાજસ્થાન-અમૃતસરમાં દોડધામ

**ભારતીય હોકી ટીમે પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. ટીમ ઈન્ડિયાએ સ્પેનને ૨-૧થી હરાવ્યું છે. ભારતીય હોકી ટીમ ૫૨ વર્ષે ઉપરા-ઉપરી ઓલિમ્પિકમાં મેડલ જીત્યા છે. છેલ્લે તેઓ ૧૯૬૮ અને ૧૯૭૨માં જીત્યા હતા. હવે ૨૦૨૦ અને આજે એટલે કે ૨૦૨૪માં પણ મેડલ મેળવ્યો છે**

પેરિસ, તા.૮

રવિવારે સવારે રાજસ્થાનની હોસ્પિટલમાં મળેલા એક મેઈલથી હોસ્પિટલ મેનેજમેન્ટ ચોંકી ઉઠ્યું હતું. મેલમાં લખ્યું હતું- કે હોસ્પિટલ ના બેડ નીચે અને બાથરૂમની અંદર બોમ્બ છે. હોસ્પિટલમાં હાજર દરેકને મારી નાખવામાં આવશે. દરેક જગ્યા લોહીથી લથપથ થઈ જશે. મેઈલ કરનારે પોતાની ઓળખ 'લખા ટેરરિસ્ટ ચિંગ એન્ડ કલ્ટિસ્ટ' તરીકે આપી હતી જયપુરની મોનિલેક અને સીકે બિરલા સહિત રાજસ્થાનની ૧૦૦થી વધુ હોસ્પિટલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી જો કે ધટનાની જાણ થતાજ એટીએસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડના અધિકારીઓને મોકલવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં સર્ચ કરાયુ હતુ પરંતુ કાઈ શંકાસ્પદ મળ્યુ ન હતુ અને હોસ્પિટલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અફવા સાબિત થઈ હતી.સૌથી પહેલા સવારે પોલીસને મોનિલેક હોસ્પિટલ માંથી મેઈલની માહિતી મળી હતી. ATS, ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે સર્ચ ઓપરેશન શરૂ કરી દીધુ હતુ. આ દરમિયાન તબક્કા વાર ધમકીઓના મેલ મળતા રહ્યા હતા જ્યા શોધખોળ કરવામાં આવી હતી. પરંતુ કાઈ શંકાસ્પદ મળ્ય ન હતુ ત્રણ મહિના પહેલા જયપુર સહિત અનેક શહેરોની સ્કૂલોમાં બોમ્બની ધમકી આપવામાં આવી હતી. પોલીસે તમામ સ્કૂલોમાં તપાસ હાથ ધરી હતી. ક્યાંયથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી હોવાની માહિતી મળી નહોતી.

આ ઘટનાના એક દિવસ પહેલા જ જયપુર સહિત દેશના ૧૨ એરપોર્ટને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. છેલ્લા કેટલાક મહિનામાં સતત મેલ દ્વારા ધમકી આપવાની ઘટનાઓ સામે આવી રહી છે. લાંબા સમયથી દેશના મહત્વના એરપોર્ટ,સ્કુલો સહિતના સ્થળો પર આવી ધમકીઓના કિસ્સા વધ્યા છે જેને લઈને સુરક્ષા એજન્સીઓ સતર્કતો રહે છે. પરંતુ છેલ્લા અત્યાર સુધીના મામલામાં કાઈ શંકાસ્પદ વસ્તુઓ સામે આવી નથી જેને કારણે એજન્સીઓ હાસકારો અનુભવી રહી છે પરંતુ વાંરવારની ધટના તપાસ માંગી લે તેવો વિષય છે.

### અમૃતસર એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

પંજાબના અમૃતસરમાં શ્રી ગુરુ રામદાસ ઈન્ટરનેશનલ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ઈમેલ અમૃતસર એરપોર્ટ ઓથોરિટીને મોકલવામાં આવ્યો હતો. ઈમેલમાં આરોપીઓએ એરપોર્ટમાં વિવિધ સ્થળોએ કુલ ૬ બોમ્બ પ્લાન્ટ કર્યા હોવાનો દાવો કર્યો હતો. આરોપીઓએ કહ્યું કે તેમને ૧ કરોડ રૂપિયા આપવામાં આવે, નહીં તો તેઓ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેશે. ઈમેલમાં આપવામાં આવેલી માહિતી અમૃતસર પોલીસ સાથે શેર કરવામાં આવી હતી. જે બાદ અમૃતસર પોલીસનું સાયબર વિભાગ એક્ટિવ થઈ ગયું હતું. તપાસમાં પોલીસને ૨૪ કલાકમાં આરોપીની ધરપકડ કરવામાં સફળતા મળી છે. અમૃતસર પોલીસની ટીમે ફિરોઝપુરથી ગુરદેવ સિંહ નામના યુવકની ધરપકડ કરી છે, જ્યારે તેના અન્ય બે આરોપી સાથીઓની શોધખોળ ચાલી રહી છે. પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ અમૃતસર એરપોર્ટને ઈમેલ દ્વારા આ ધમકી આપવામાં આવી હતી.કોર્ટે આરોપી ગુરદેવને ત્રણ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો

## ચૂંટણી પછી વિધાનસભામાં કલમ ૩૭૦ નાબૂદ કરવા ઠરાવ કરીશું : ઓમર

શ્રીનગર,તા.૧૮

જમ્મુ-કાશ્મીરમાં ત્રણ તબક્કામાં યોજાનારી વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ રાજકારણ ગરમાયું છે. નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લાએ ચૂંટણીને ધ્યાનમાં રાખીને મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર વિધાનસભા, ચૂંટણી પછી તેના પ્રથમ ક્રમમાં, પ્રદેશમાંથી રાજ્યનો દરજ્જો અને વિશેષ દરજ્જો છીનવી લેવાના કેન્દ્રના નિર્ણય વિરુદ્ધ ઠરાવ પસાર કરશે. અગાઉ, તેમણે જમ્મુ અને કાશ્મીરમાં ત્રણ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજવાની ચૂંટણી પંચની જાહેરાતનું સ્વાગત કર્યું અને તેને કદી કરતાં મોડું સારું પગલું ગણાવ્યું. ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે થોડા સમય પહેલા જ ચૂંટણી પંચે જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી હતી. જમ્મુ-કાશ્મીરના લોકો લાંબા સમયથી આ દિવસની રાહ જોઈ રહ્યા હતા. ક્યારેય કરતાં મોડું સારું.

જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે ૧૯૮૭-૮૮ની ચૂંટણી પછી કદાચ આ પ્રથમ વખત છે કે જમ્મુ અને કાશ્મીરમાં આટલા ઓછા સમયમાં અને થોડા તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાઈ રહી છે. તેમણે કહ્યું કે રાજકીય પક્ષો માટે આ ચોક્કસપણે એક નવો પ્રયોગ હશે, પરંતુ જ્યાં સુધી અમારી પાર્ટીનો સવાલ છે, નેશનલ કોન્ફરન્સ આ દિવસ માટે તૈયાર છે અને ટૂંક સમયમાં ચૂંટણી પ્રચાર શરૂ કરશે.

ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જમ્મુ-કાશ્મીરમાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી કરાવવા પર ભાર મૂક્યો. અબ્દુલ્લાએ ઉલ્લેખ કર્યો છે કે પંચે છેલ્લા ૨૪ કલાકમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં પોલીસ અને નાગરિક વહીવટમાં મોટા પાયે બદલીઓ કરી છે. તેમણે કહ્યું કે અમને શંકા છે કે આ સરકાર ભાજપ અને તેની બી સી અને ડી ટીમોને મદદ કરી રહી છે. પંચે તરત જ આની નોંધ લેવી જોઈએ અને તેમની તપાસ કરવી જોઈએ.

## આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. નવા પ્રૉજેક્ટ અને ભવિષ્ય પર ધકેલી દો. અચાનક આજે તમે કામથી વિરામ લેવાની શકો છો અને તમારા પરિવાર સાથે સમય પસાર કરી શકો છો. તમને અને તમારા જીવનસાથીને આજે અદભુત સમાચાર મળવાની શક્યતા છે.

**વૃષભ :**
આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપ ાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. આજે તમને એ વાસ્તવિકતા જાણવા મળશે કે તમારા બૉસ શા માટે તમારી સાથે દર વખતે આટલા આકરા કેમ છે. આ જાણીને તમને ખરેખર સારૂં લાગશે. તમારા મન ને નિયંત્રણ માં રાખવા નું શીખો કારણ કે ઘણી વખત તમે મન નું પાલન કરી ને તમારો કિંમતી સમય બગાડો છો. આજે પણ તમે આવું કંઈક કરી શકો છો. પ્રેમ અને સારૂં ભોજન લગ્નજીવનના પાયા છે, અને અઆજે તમને આ બંનેના શ્રેષ્ઠનો અનુભવ થવાનો છે.

**મિથુન :**
આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પ હોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં. આજે ઘર માં કોઈ બાબત ને લઈ ને વિવાદ ની સંભાવના છે, આવી સ્થિતિ માં પોતાને નિયંત્રિત રાખો. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારામાં ઘણું બધું પ્રાપ્ત કરવાની ક્ષમતા છે-આથી તમારી સામે આવતી તકોની પાછળ લાગો.

**કર્ક :**
આજના દિવસે તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. તમારા ખર્ચ પર અં-કુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે. આજે કામના સ્થળે તમે કશુંક ખરેખર અદભુત કરશો. આજે ખાલી સમય નું સાચું ઉપયોગ કરવા માટે તમે પોતાના જુના મિત્રો ને મળવા નું પ્લાન બનાવી શકો છો? તમારા લગ્નજીવનમાં પરિસ્થિતિ આજે ખરેખર સુંદર જણાય છે.તમારા જીવનસાથી સાથે એક અદભુત સાંનું આયોજન કરો.

**સિંહ :**
આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો. અટકી પડેલા પ્રકલ્પો તથા યોજનાઓ અંતિમ સ્વરૂપ લેવા આગળ વધશે. આજે ઘર ના લોકો સાથે વાત કરતી વખતે તમારા મોંમાં થી કંઇક એવી વાત આવી શકે છે જેના કારણે ઘર ના લોકો ગુસ્સે થઈ શકે છે. આ પછી તમે ઘર ના લોકો ને સમજાવવા માટે ઘણો સમય પસાર કરી શકો છો.

**કન્યા :**
આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે. પ ારિવારિક જવાબદારી તરફ તમારૂં બેધ્યાનપણું તેમને ખફા કરી શકે છે. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો-તમારી શૈલી અને કામ કરવાની નવી રીતો તમને નિકટથી જોનારા લોકોમાં રસ જગાડશે.

**તુલા :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. આજ નોદિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો. અનુભવી લોકો સાથે આજે જોડાણ કરજો અને તેઓ શું કહે છે તેમાંથી શીખો. પાર્ક માં ચાલતી વખતે, આજે તમે એવી વ્યક્તિ ને મળી શકો છો જેની સાથે ભૂતકાળ માં તમારી સાથે મતભેદ હતા.

**વૃશ્ચિક :**
આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે અને તમારાથી નારાજ છે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. સ્પર્ધા ઊભી થવાથી કામનું સમયપત્રક વધુ દોડધામભર્યું બની જશે. સમય નું ચક્ર ખૂબ જ ઝડપ થી ફરે છે, તેથી આજ થી જ તમારા કિંમતી સમય નો ઉપયોગ કરવા નું શીખો.

**ધન :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. કોઈ મહત્વની ફાઈલ તમારા બૉસના હાથમાં ત્યાં સુધી ન આપતા જ્યાં સુધી તમને પૂરેપૂરી ખાતરી હોય કે તે બધી જ રીતે બરાબર છે. એકાંત માં સમય પસાર કરવો સારું છે પરંતુ જો તમારા મન માં કંઈક ચાલતું હોય તો લોકો થી દૂર રહી ને તમે વધુ પરેશાન થઈ શકો છો.

**મકર :**
આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે. આજે તમે રોમેન્ટિક સ્પંદનો અનુભવશો. કોઈ નવો પ્રૉજેક્ટ હાથમાં લેતા પહેલા બે વાર વિચારજો. તમારે ફ્રી ટાઇમ નો યોગ્ય રીતે ઉપયોગ કરવા નું શીખવું પડશે નહીં તો તમે જીવન માં ઘણા લોકો થી પાછળ રહી જશો.

**કુંભ :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. આજે કામના સ્થળે તમે કશુંક ખરેખર અદભુત કરશો. દિવસ સારો છે; અન્યની સાથે તમે તમારા માટે પણ સમય કાઢવા માં સમર્થ હશો. તમારા જીવનસાથી આજે તમને ધરતી પર સ્વર્ગનો અનુભવ કરાવશે.

**મીન :**
આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. ઘરમાં કેટલીક સાફસફાઈ કરવાની તાકીદે જરૂર છે. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે. જો તેઓ ગુસ્સે છે તો તેમને શાંત કરવા નો પ્રયાસ કરો. તમારા બૉસને તમારા બહાનામા રસ નહીં પડે-તેની ગૂડ બુક્સમાં રહેવા માટે તમારૂં કામ કરો. તાણભર્યો દિવસ જ્યારે તમારા નિકટના સાથીદારો સાથે અનેક મતભેદો ઊભા થઈ શકે છે. કરિયાણાની ખરીદીને લઈને તમે તમારા જીવનસાથી પર આજે નારાજ થશો.

# 'ઝંડા ઊંચા રહે હમારા' કચ્છમાં ગામો ગામ સ્વતંત્ર પર્વ ઉજવાયો


નોખાણિયા પ્રાથમીક શાળા


દયાપર


સરસ્વતી શિશુવાટિકા સુખપર


કેરા


જતવાંઢ ઝુરા શાળા


સંશોધન કેન્દ્ર ,કોઠારા


રેન બસેરા ભુજ


ભાજપ કાર્યાલય,ભુજ


નરસિંહમહેતા નગર,ભુજ


ભુજ કોમર્શિયલ બેંક

***ભુજ કોમર્શિયલ બેંક*** : બેંકના મુદ્રા લેખ "સહકાર - સેવા અને સમૃધ્ધી" ની નેમ સાથે કાર્યરત રહીએ અને આવનારા વર્ષમાં ભારતને ડિજિટલ ક્ષેત્રે આત્મર્નિભર બનાવીએ અને આપણું રાષ્ટ્ર વિકાસની ઉચાંઈ આંબે તેવી પ્રાર્થના સાથે દેશના દરેક નાગરીકે રાષ્ટ્રધર્મ બજાવાની નેમ સાથે ૧૫મી ઓગષ્ટના રોજ બેંકની હેડ ઓફીસ ન્યુ સ્ટેશન રોડ મધ્યે દેશની આન, બાન અને શાન સમો રાષ્ટ્રધ્વજ બેંકના ચેરમેન ધીરેન બી.ઠક્કરના વરદ હસ્તે ફરકાવી રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી હતી રાષ્ટ્રધ્વજ વંદનના કાર્યક્રમમાં બેંકના વાઈસ ચેરમેન રમેશ બી.મહેશ્વરી, મેનેજીંગ ડાયરેકટર ગૌતમ. આર. ઠક્કર ડાયરેકટરો પૈકી હિતેષ સી. ઠક્કર, મધુકર પી. ઠક્કર, ચેતન આર. શાહ, મનીષ પી. ઠક્કર અને રેશ્મા જે. ઝવેરી તેમજ પ્રોફેશનલ ડાયરેકટર નયન આર. પટવા અને ધીરેન એમ શાહ રાષ્ટ્રીય કાર્યક્રમનું આયોજન બેંકના જનરલ મેનેજર ધીરેન.એસ. મજેઠીયા એકાઉન્ટન્ટ જીગર.પી. મહેતા ઓફીસર ભાર્ગવ ડી. કોટેચા, કપિલ એચ. ગણાત્રા, શિવાંગ ડી. અંતાણી તેમજ પ્રતિક એસ. પુજારા દ્વારા કરાઈ હતી.

***સંશોધન કેન્દ્ર ,કોઠારા*** : વિભાગીય સંશોધન કેન્દ્ર સ.દા. કૃષિ યુનિવર્સિટી કોઠારા મુકામે ૭૮ મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કચેરીના ચોથા વર્ગના કર્મચારી રાજેન્દ્રસિંહ જાડેજાના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યુ હતુ "ચોથી ચટણી સ્પર્ધા" કેન્દ્ર મુકામે રાખવામાં આવેલ. જેમાં ૨૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો ચાર સ્પર્ધકો વિજેતા થયેલ.પ્રથમ વિજેતા તરીકે બે સ્પર્ધકો જુણેજા ઝીલુબાઇ અને બકાલી અરબાજને હીના જોષી, દ્રિતીય વિજેતા તરીકે બે સ્પર્ધકો કાસમ બકાલી અને જાડેજા નોગુભાને અનુક્રમે રંજન ચૌધરી તેમજ રવિભાઇ ચૌધરી અને તૃતીય વિજેતા તરીકે લક્ષ્મી ભરતસિંહ જાડેજા,હેમંતસિંહ જાડેજા અને અરહાન બકાલી ને દિપકવન ગોસ્વામી દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા કેન્દ્રના વડા ડો. ડી.જી.પટેલ દ્વારા કોઠા ફળઝાડ ઉછેર,માવજત, ઔષધીય ઉપયોગ અને તેના મૂલ્યવર્ધન વિશે માહિતી માર્ગદર્શન આપવામાં આવી હતી કાર્યક્રમ માટે આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

***ભાજપ કાર્યાલય,ભુજ*** : કચ્છ જિલ્લા ભાજપ દ્વારા જીલ્લા ભાજપ મધ્યસ્થ કાર્યાલય કચ્છ કમલમ ખાતે જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજી વરચંદના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. જીલ્લા ભાજપ પરિવાર બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. આઝાદી અમર રહો અને ભારત માતાકી જયના જયઘોષ સાથે સર્વે ઉપસ્થિત કાર્યકર ભાઈ બહેનોએ પરસ્પર રાષ્ટ્રીય પર્વની શુભકામનાઓ પાઠવી હતી.જિલ્લા કાર્યાલયે ધ્વજવંદન કાર્યક્રમ માં જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપ શાહ, નરેન્દ્ર પ્રજાપતિ, જીલ્લા ભાજપ હોદેદારો પચાણ સંજોટ, શીતલ શાહ, રાહુલ ગોર, મંત્રી પ્રફુલસિંહ જાડેજા, વિજુ રબારી, દેવરાજ ગઢવી, અશોક હાથી, માવજી ગુંસાઈ, અમદ જત,પાલિકા પ્રમુખ રશ્મિ સોલંકી, ઉપેન્દ્ર ઉપાધ્યાય. હેમસિંહ ચૌધરી. બાલકૃષ્ણ મોતા સહીત શહેર,તાલુકા સંગઠન ના હોદેદારો, તમામ મોરચાના હોદેદારો કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હોવાનું ચેતન કતીરાની યાદીમાં જણાવાયું હતું.

***નરસિંહ મહેતા નગર*** : ભુજ શહેરમાં નરસિંહ મહેતા નગર ખાતે સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા ૭૮ માં સ્વાતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી હતી દેશભક્તિના ગીતો અને ભારત માતાકી જયના નારા વચ્ચે ભુજના રામુ પટેલ દ્વારા નરસિંહ મહેતા નગરની શેરી નંબર પાંચ ખાતે રાષ્ટ્રધ્વજ લહેરાવાયો હતો વિશાળ જનમેદની અને બાળકોની હાજરી વચ્ચે અહી સલામી આપાઇ હતી આ તકે બાળકો માટે રાષ્ટ્રધ્વજ દોરવાની સ્પર્ધા યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં બાળકો ભાગ લીધો હતો. બાળકોને ભેટો અપાઇ હતી.સ્વાતંત્ર દિનના કાર્યક્રમમાં દર્શક અંતાણી,નરેન્દ્ર સ્વાદિયા,ભરત સોની, જેન્તી ડુડીયા,કાર્તિક અંતાણી ,તેમજ મહિલાઓમાં દક્ષા ડુંડીયા,સ્મિતા અંતાણી,ગીતા જોશી, ધારા નિકુંજ અધિકારી, કલ્પના સોની,કૌશલ્યા જયેશ કોઠારી, મીલી પિત્રોડા તેમજ પ્રિયા કોઠારી તેમજ ભૂમી કાર્તિક અંતાણી વગેરે મહિલાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

***રેન બસેરા ભુજ*** : લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ ભુજ તેમજ નગરપાલિકા કચેરી. ભુજના સંયુક્ત ઉપક્રમે ચાલતું મા બાપનું ઘર- ઘર વિયોહના લોકો માટેનું આશ્રય સ્થાન રેન બસેરા મધ્યે રહેતા માનસિક દિવ્યાંગો અને સંસ્થાના સૌ ટ્રસ્ટી તેમજ કર્મચારી ગણ દ્વારા ૧૫ મી ઓગસ્ટ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.સંસ્થાના ટ્રસ્ટી હેમેન્દ્ર જણસારી,હર્ષા સુથાર, રીંકુ જણસારી, ચંદ્રકાન્ત કારીયા, રવિ જેસર, ભરત ભાનુશાલી સહયોગી રહ્યા હતા માનસિક દિવ્યાંગો દ્વારા ધ્વજવંદન કરાવી અને આ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

***જતવાંઢ ઝુરા શાળા*** : પ્રાથમિક શાળાના પટાંગણમાં ૭૮ માં સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમ ની શરૂઆતમાં શાળાના આચાર્ય રાણાજી જાડેજા દ્વારા પધારેલ ગ્રામજનો અને મહેમાનો નો શાબ્દિક સ્વાગત કરીને પ્રાસંગિક ઉદબોધન આપી સ્વાતંત્ર્ય દિવસ ની ઉજવણી નો મહત્વ સમજાવવામાં આવ્યો હતો કાર્યક્રમના મુખ્ય અતિથિ ભુજ તાલુકા પંચાયતના સદસ્ય મામદરહીમ જતના હસ્તે ધ્વજારોહણ કરી દેશની આન-બાન-શાન સમાન તિરંગા ને ઉપસ્થિત તમામ લોકો દ્વારા સલામી આપીને દેશના વીર સપૂતો એવા શહીદોની કુરબાની ને યાદ કરી શ્રદ્ધાંજલિ આપી હતી . આ પ્રસંગે શાળા ના બાળકો દ્વારા રંગારંગ કાર્યક્રમમાં દેશભક્તિ ગીત,નાટક, વક્તવ્ય તેમજ પિરામિડ રજૂ કરવામાં આવ્યા હતા ઉપસ્થિત ગ્રામજએનો બાળકોની રજૂઆત ને જોઈ ભાવવિભોર થઈ પ્રોત્સાહિત કર્યા હતા.કાર્યક્રમમાં એસ.એમ. સી.ના સભ્યો હુસેન, ફકીરમામદ, અબ્દુલ્લા, જાકબ, હાજીઈસ્માઈલ, મૌલાના અલીમામદ, ઉંમર, આરબ, જુમા તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય રાણાજી જાડેજાના માર્ગદર્શન હેઠળ શાળાના વિદ્યાર્થીઓ આબેદાબાઈ અને નાસીર જત દ્વારા કરવામાં આવેલ જ્યારે આભારવિધિ શાળાના શિક્ષિક મોહસીન પટેલે કરી હતી કાર્યક્રમ ને સફળ બનાવવા એસ.એમ.સી.સભ્યો સાથે શાળાના શિક્ષકો સોનલબા જાડેજા ,ઉમા પટેલ, મનીષા પટેલ ,મયંક દુદાણી તેમજ દિપીકા પટેલે જહેમત ઉઠાવી હતી.

***નોખાણિયા પ્રાથમીક શાળા*** : ભુજ તાલુકાની નોખાણીયા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રના ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની ખૂબ જ ઉત્સાહ સાથે ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી. સવારે ગામમાં તિરંગા યાત્રા કાઢ્યા બાદ શાળાના પ્રાંગણમાં યોજાયેલ કાર્યક્રમમાં એસ.એમ.સી. અધ્યક્ષ ભિલાલ સમાના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય હરિસિંહ જાડેજાએ સૌને આવકારી સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનો હેતુ સમજાવ્યો હતો અને શહીદ વીરોના બલિદાનને યાદ કરી તેમને અંજલિ આપી હતી. બાળકો માટે વિવિધ પ્રકારની રમત - ગમત સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. ગામના યુવા ટ્રાન્સ પોર્ટ અગ્રણી ભરતભાઈ છાંગા તરફથી કાર્યક્રમના વિજેતા બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સાથે બાળકો અને કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ગ્રામજનો માટે તેમના તરફથી અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત આગેવાનો અને ગ્રામજનોએ બાળકો માટે રોકડ ઈનામો જાહેર કર્યા હતા. આ તકે આંગણવાડી વર્કર હેતલ છાંગા તેમજ મનજી છાંગા, રમેશ માતા, નરશી વારોત્રા, માવજી માતા, કિશોર ચાડ, હરેશ છાંગા , ભરત વારોત્રા, હરિભાઈ ચાડ , રમેશ છાંગા સહિતના આગેવાનો ઉપરાંત એસ. એમ.સી. અને ગ્રામ પંચાયતના સદસ્યો, વાલીઓ અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શાળાના મ. શિ. બ્રિજેશ બૂચે જ્યારે આભારવિધિ કુ. માનસી ગુસાઈએ કરી હતી. આયોજનને સફળ બનાવવા શાળા પરિવારના લીલાધર બિજલાણી, કેશુભાઈ ઓડેદરા,નમ્રતા આચાર્ય તેમજ ગામના યુવા કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# વંદન છે આ સંસ્થાને : પરિવારથી વિખુટા પડેલા ૨૯૭૭ લોકોનુ પરિવાર સાથે મિલન કરાવ્યુ

**પરિવારથી વિખુટા પડી ગયેલા ૨૯૭૭ લોકોનુ પરિવાર સાથે મિલન થયુ પોતાના વ્હાલસોયા પરિવારજનનાં મેળાપથી પરિવારજનો કેટલા વ્યથીક હોય છે તે વચ્ચે ભુજની માનવજ્યોત સંસ્થાએ આવા અનેક મિલનો કરાવ્યા જેનાથી પરિવારજનો ખુશ-ખુશાલ જોવા મળે છે અને ભારે લાગણી સભર દ્રશ્યો સર્જાય છે**

ભુજ તા.૧૮

પોતાની ગુમ વ્યક્તિ અંગે સતત ચિંતા સેવી રહેલા અનેક પરિવારો વર્ષો પછી જયારે પોતાનાં પરિવારની વ્યક્તિને મળે છે ત્યારે ભાવુક દ્રશ્યો સર્જાય છે. દૂર- દૂરનાં રાજયોનાં શહેરો-ગામડાઓમાંથી પોતાનાં પરિવારની વ્યક્તિને તેડવા તેઓ લાંબી મુસાફરી કરી ભુજ સુધી પહોંચે છે. વર્ષોના વર્ષો પછી ગુમ વ્યક્તિ મળી આવતાં અને તેની સાથે મિલન થતાં તેને તેડવા આવેલા પરિવારજનો આંખો માંથી દળ-દળ પડતા આંસુ રોકી શકાતા નથી. પાંચ થી પચ્ચીસ વર્ષ પછી મળી આવેલા પરિવારજનને જોઈ દૂર-દૂરથી દોડી જઈ તેને ભેટી પડે છે. એમને છૂટા પાડવા મુશ્કેલ પડે છે. મિલન વખતે પ્રેમની લાગણી અનેક ઘણી જોવા મળે છે. ધ્રુસકે-ધ્રુસકે રડતા પરિવારજનો નજરે જોવા મળે,મિલન વખતે પોતે રડે... સાથે રહેતા લોકોની પણ આંખો અશ્રુભીની બની જાય પોતાના ગુમ વડીલો. પોતાનાં ગુમ સંતાનો.. માટે પરિવારજનો રાત-દિવસ એક કરે છે. જયાંથી સમાચાર પ્રાપ્ત થાય ત્યાં પહોંચી જઈ ગુમ વ્યક્તિની શોધ ચલાવે છે. આખરે ન મળતાં તેઓ નિરાશ થઈ ઘરે પાછા ફરતા હોય છે. મા-બાપનું સંતાન માનશીક અસ્વસ્થ, મૂંગા-બહેરો ગમે તેવો હશે પણ મા-બાપની તેના પ્રત્યેની પ્રેમ,લાગણી,મમતા અનેરી હોય છે. ઘરની ગુમ વ્યક્તિ જયારે ગુમ થાય ત્યારથી જ પરિવારજનો અનેક મુશ્કેલીઓ વેઠતા હોય છે. "મા,, ની મમતા કરૂણા અને પ્રેમની અપાર લાગણીઓ અહીં પ્રગટ થાય છે. ભુજની માનવજયોત સંસ્થાએ આવા અનેક મિલનો કરાવ્યા છે. જેમાં ભારત દેશનું કોઈ રાજ્ય બાકી



નથી. કચ્છમાં રસ્તે- રઝળતા અને માર્ગોમાં પડયા-પાથર્યા રહેતા આવા માનસિક દિવ્યાંગો તથા ગુમ બાળકો,યુવતીઓ, વૃદ્ધો, પુરૂષો, મહિલાઓને શોધી આપવામાં માનજ્યોત સંસ્થા ભુજને બહુ મોટી સફળતાઓ મળી છે. પરિવારથી વિખુટા પડી ગયેલા ૨૯૭૭ લોકોને માનવજ્યોત સંસ્થાએ શોધી કાઢ્યા. જેમાં ૧૮૦૧ તો માનસિક દિવ્યાંગો હતા. પાલારાની પાવનધરા અને રામેશ્વર મહાદેવજીની અસિમકૃપાથી અનેક વિખુટા પડેલા પરિવારોનીગુમવ્યક્તિઓમળીઆવતાંપરિવારએકબન્યા. રિવારોની વેદનાઓ મુશ્કેલીઓનો અંત આવ્યો. ગુમ થયા પછી મળી આવેલા અને પરિવારજનો સાથે થતા મિલનની આ પ્રવૃતિ લોકો પણ બીરદાવે છે. ત્યારે સંસ્થાનાઆકાર્યપ્રેરણારૂપસાથેલાગણીસભરકિસ્સાઓની અનોખી યાત્રા છે.

# આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત દ્વારા જીરીયાટ્રીક કેમ્પ યોજાશે

ભુજ તા.૧૮

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા નિયામકશ્રી આયુષની કચેરી ગાંધીનગરના માર્ગદર્શનથી અને આયુર્વેદ શાખા જિલ્લા પચાયત-કચ્છ દ્વારા ૨૧ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ સુધી નેશનલ આયુષ મિશન અંતર્ગત 'વર્લ્ડ સીનીયર સીટીઝન ડે' નિમિતે કચ્છ જિલ્લાના આયુષ્માન આરોગ્ય મંદિર (આયુષ) દ્વારા "આયુષ સેવાઓ પૂરી પાડી જીરીયાટ્રીક કેમ્પ દ્વારા વડીલોના જીવનની સ્વાસ્થ્યલક્ષી ગુણવતા સુધારી સ્વસ્થ અને સુખી સમાજના નિર્માણમાં મદદ કરી શકાય તે હેતુથી" જીરીયાટ્રીક કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વૃદ્ધાશ્રમ માધાપર, પોલીસ ચોકીની બાજુમાં, માધાપર, તા.ભુજ., વૃદ્ધાશ્રમ અંજાર, જી.ઈ.બી.ની સામે, રોટરી ક્લબ, અંજાર તા.અંજાર.સરકારી આયુર્વેદ દવાખાનુ નખત્રાણા, બસ સ્ટેન્ડની પાછળ, આંનદનગર, તા નખત્રાણા. જીવન સંધ્યા વૃદ્ધાશ્રમ, રોહા સુમરી, તા.નખત્રાણા સરકારી આયુર્વેદ દવાખાનું, સુખપર સોઢાવાસ-જુનાવાસ, સુખપર તા. ભુજ ખાતે કેમ્પોનું આયોજન કરાયું છે. તેમ જિલ્લા આયુર્વેદ અધિકારી જિલ્લા પંચાયત કચ્છ ભુજની અખબારી યાદીમાં જણાવાયું છે.

**તા.૨૧ થી ૨૪ ઓગસ્ટ દરમિયાન વિવિધ ધાર્મિક આયોજનો**

# નાગવીરી ગામે લક્ષ્મીનારાયણ ભગવાનના નૂતન મંદિરે ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

આણંદપર(યક્ષ)તા.૧૯

નાગવીરી ગામે તા.૨૧ થી ૨૪ ઓગસ્ટ દરમિયાન લક્ષ્મી નારાયણ ભગવાન નૂતન મંદિરે, લક્ષ્મીનારાયણ, માં ઉમિયાજી, માં અંબાજી સહિત અન્ય દેવી દેવતાઓની મૂર્તિનો ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.

આ મહોત્સવને લઈને પુર જોશમાં તૈયારી ચાલી રહી છે, પાટીદાર સમાજનાં મહામંત્રી હિરાલાલ પોકારે આ અંગે જણાવ્યુ હતું કે, તા.૨૧/૮ ના સવારે ૮ કલાકે વિજયસ્તંભની સ્થાપના, બપોરે ૨ કલાકે વડીલો, માતૃ શક્તિ, પ્રતિભા સંપન્ન વ્યક્તિઓનું સન્માન, તેમજ સરસ્વતી સન્માન અને રાત્રે ૮ કલાકે દાંડીયારાસ યોજાશે, તા.૨૨/૮ સવારે ૮ કલાકે ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ મહાયજ્ઞનો પ્રારંભ થશે. બપોરે ૨ કલાકે દીકરીઓઓનું સામૈયું અને રાત્રે ૮ કલાકે ગામની દિકરીઓનું સન્માન કરવામાં આવશે.તા.૨૩/૮ ના સવારે ૮ કલાકે જલયાત્રા બાદ બપોરે સંતોના સામૈયા તેમજ સંતોના આર્શીવચન. બપોરે ૨ કલાકે સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્યો પ્રદ્યુમનસિંહ જાડેજા, કેશુ પટેલ, નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખ ભાવનાબેન પટેલ તેમજ અ.ભા. લક્ષ્મી નારાયણ સનાતન સમાજના પ્રમુખ તેમજ મહાનુભાવોનું સન્માન અને પ્રાસંગીક તેમજ રાત્રે નેહલ બેન ગઢવીનું પ્રેરક વકતવ્ય સાથે પ્રતિભા શોધ (ટેલેન્ટ હન્ટ) કાર્યક્રમનું આયોજન કરાયું છે. તા.૨૪/૮ના સવારે રાજ રાજેશ્વર મહાદેવનો પાટોત્સવ, બપોરે ૨ કલાકે દાતા, કાર્યકર્તાઓનું સન્માન તેમજ રાત્રે ૯ કલાકે જાણીતાં ભજનિક દ્વારા ભવ્ય સંતવાણીનો કાર્યક્ર્મ યોજાશે, ગામના મહોત્સવને માણવા પાટીદારો મોટી સંખ્યામાં માદરે વતન ઉમટી પડયા છે. મહોત્સવને યાદગાર બનાવવા તમામ દીકરીઆના નામે વાછરાદાદાના મંદિરની સમીપે ૯૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

# FILMY ગપશપ

## બોલિવૂડ સાઉથ સુપરસ્ટાર મોહનલાલ હોસ્પિટલમાં દાખલ, શૂટિંગ બાદ તેની તબિયત બગડી

મુંબઈ,તા.૧૮

સુપરસ્ટાર મોહનલાલને કોચીની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ભારે તાવ, શ્વાસ લેવામાં તકલીફ અને સ્નાયુઓમાં દુખાવાની ફરિયાદ બાદ તેમને તાત્કાલિક સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

કોચી હોસ્પિટલના ડૉ. ગિરીશ કુમાર દ્વારા જારી કરવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, અભિનેતાને વાયરલ શ્વસન ચેપથી પીડિત હોવાની આશંકાછે.આસમાચારબાદતેમના ચાહકોમાં હલચલ મચી ગઈ છે અને તેઓ અભિનેતા મોહનલાલના જલ્દી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી રહ્યા છે. ડોક્ટરે મોહનલાલને પાંચ દિવસ સુધી જાહેર સ્થળોએ ન જવાની સલાહ પણ આપી છે.

હોસ્પિટલના સત્તાવાર નિવેદન બાદ દક્ષિણના પ્રખ્યાત



ફિલ્મ લેખક અને કટાર લેખક શ્રીધર પિલ્લઈએ પણ સુપરસ્ટાર મોહનલાલને હોસ્પિટલમાં દાખલ હોવાના સમાચાર પોતાના એક્સ એકાઉન્ટ પર પોસ્ટ કર્યા છે. તેણે કોચીની અમૃતા હોસ્પિટલનું મેડિકલ બુલેટિન પણ શેર કર્યું અને અભિનેતાના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી. તમને જણાવી દઈએ કે ડોક્ટરોએ સુપરસ્ટાર મોહનલાલને ૫ દિવસ સુધી સંપૂર્ણ બેડ રેસ્ટ લેવાની સલાહ આપી છે.

અમૃતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સે જણાવ્યું છે કે ૬૪ વર્ષીય મોહનલાલને ૧૬ ઓગસ્ટે તાવ અને શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ બાદ દાખલ કરવામાં આવ્યા હતા અને તેમને ૫ દિવસ આરામ કરવાનું કહેવામાં આવ્યું છે. મોહનલાલ હાલમાં જ ગુજરાતથી પરત ફર્યા છે. તે ત્યાં તેની આગામી ફિલ્મ નું શૂટિંગ કરી રહ્યો હતો. આ ઉપરાંત તેની ડિરેક્શનની ડેબ્યૂ ફિલ્મ 'બરોઝ'નું પોસ્ટ પ્રોડક્શન વર્ક પણ થઈ ચૂક્યું છે. અભિનેતાની અચાનક ખરાબ તબિયતના સમાચાર સાંભળીને તેના ચાહકો પણ ચિંતિત થઈ ગયા છે. સત્તાવાર માહિતી અનુસાર, અભિનેતાની તબિયત તેના વ્યસ્ત શેડ્યૂલને કારણે બગડી ગઈ છે.


વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, સાઉથના પીઢ અભિનેતા મોહનલાલ ટૂંક સમયમાં જ ફિલ્મ 'બરોજ'માં જોવા માટે તૈયાર છે જે ડિરેક્ટર તરીકે તેની પ્રથમ ફિલ્મ હશે. આ ફિલ્મ, જે ૧૨ સપ્ટેમ્બરે મોટા પડદા પર આવવાની હતી, તે તાજેતરમાં ૩ ઓક્ટોબર, ૨૦૨૪ પર મુલતવી રાખવામાં આવી હતી.

## ઈશાને બિગ બોસ ૧૮નો હિસ્સો બનવા માટે ઓફર થઈ હોવાની ચર્ચા


મુંબઈ,તા.૧૮

ઈશા કોપીકર ફિલ્મોમાં જોવા મળી નથી મળી રહી. તેવામાં તેને બિગ બોસ ૧૮નો હિસ્સો બનવા માટે ઓફર થઈ હોવાની ચર્ચા છે. જોકે અભિનેત્રીએ આ વાતને પાયાવિહોણી ગણાવી છે.

ઈશા કોપીકરે આ સમાચારનો સ્ક્રીન શોટ શેર કરીને જણાવ્યું હતુ કે, તે બિગ બોસ ૧૮નો હિસ્સો બનવાની નથી. આ માત્ર અફવા છે. થોડા સમય પહેલા ઈશા કોપીકરે પોતાની સાથે થયેલો કાસ્ટિંગ કાઉચનો કડવો અનુભવ શેર કર્યો હતો. તેની સાથે એક ટોચના અભિનેતાએ દુર્વ્યવહાર કર્યાનું જણાવ્યું હતું. જોકે અભિનેત્રીએ એ ટોચના અભિનેતેના નામની સ્પષ્ટતા કરી નહોતી. તેથી જ ઈશાને બિગ બોસના સર્જક પોતાના શોમાં લેવા ઈચ્છતા હશે તેવી અટકળ થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, ઈશા કોપીકરે કૃષ્ણા કોટજે,ક્યા કૂલ હૈ હમ અને એક વિવાહ ઐસા ભી તેમજ અન્ય ફિલ્મોમાં કામ કર્યું છે.



એક્ટ્રેસ આંચલ મુંજાલ તેના બોલ્ડ અને સ્ટાઈલિશ અંદાજને લઈ સોશિયલ મીડિયામાં સતત ચર્ચામાં રહે છે.બ્લેક લૂકમાં આંચલ મુંજાલ કાતિલ પોઝ આપતી જોવા મળી રહી છે. એક્ટ્રેસ તેના શાનદાર લૂકના કારણે સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહે છે.ગ્લેમરસ લૂક ચાહકોને પણ પસંદ આવ્યો છે.



અંકિતા દવે સોશિયલ મીડિયા પર હોટ ફોટો પોસ્ટ કરવાને કારણે અવારનવાર ચર્ચામાં રહે છે.હાલમાં જ તેની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. પોતાના હોટ ફોટો અને બિકીની લુકથી લોકોને દિવાના બનાવનાર અંકિતા દવે આ દિવસોમાં પોતાની તસવીરોને કારણે ચર્ચામાં

## તનુશ્રી વિવેક અગ્નિહોત્રી દ્વારા તેની સાથે દુર્વ્યવહાર કર્યાનું શેર કર્યું

મુંબઈ,તા.૧૮

તનુશ્રી દત્તાએ દિગ્દર્શક વિવેક અગ્નિહોત્રીએ ભૂતકાળમાં તેની સાથે દુર્વ્યવહાર કર્યાનું શેર કર્યું હતું. અભિનેત્રીનો એક ઈન્ટરવ્યુનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેણે વિવેક અગ્નિહોત્રીએ તેની સાથે ગેરવર્તણૂક કરી હોવાનું જણાવ્યું છે. અભિનેત્રીએ ૨૦૦૫માં ચોકલેટ ફિલ્મમાં વિવેક અગ્નિહોત્રી સાથે કામ કર્યું હતું. તે વીડિયોમાંકહેતી જોવા મળી રહી છેકે, વિવેક તેને શોર્ટ સ્કર્ટ પહેરાવીને સેટ પર બેસાડી રાખતો હતો. તેને આવા પરિધાન પહેરીને સેટ પર બેસતા સંકોચ થતો હતો. પરંતુ વિવેક ન તો તેને તેના ટૂંકા સ્કર્ટને ઢાંકવા દેતો હતો કે ન તો તેને વેનિટી વેનમાં બેસવા જવા દેતો હતો. બસ આખો દિવસ તેને સેટ પર ખુરશીમાં બેસાડી રાખતો હતો. તેણે વધુમાં કહ્યુ ંહતું કે, ચોકલેટ ફિલ્મનું શૂટિંગ ૧૦૦ દિવસ સુધ ીચાલ્યુ ંહતું અને



વિવેક અગ્નિહોત્રીએ તેને પૂરા ૧૦૦ દિવસ સુધી હેરાન કરી હતી. તેને પરેશાન કરવાની કોઈ તક છોડી નહોતી. તેને સેટ પર સૌથી પહેલા બોલાવી લેતો હતો,પરિસ્થિતિ ત્યાં સુધી વણસી હતી કે સેટ પર લાઈટ પણ ચાલુ ન થઈ હોય અને અંધારું એવી સ્થિતિમાં તેને સેટ પર પહોંચી જવું પડતુ ંહતું. જો જરા પણ તે સેટ પર મોડી પહોંચતી તો વિવેક તેને સહુ કોઈની હાજરીમાં બહુ ખરાબ રીતે દબડાવતો હતો. તેનું અપમાન કરવામા ંવિવેક કોઈ કસર છોડી નહોતી.

## જાણીતી સિંગર બેબે રેક્સા સાથે થયેલી ગેરવર્તૂણક અંગનો વીડિયો વાયરલ

મુંબઈ,તા.૧૮


પ્રખ્યાત અમેરિકન સિંગર અને ગીતકાર બેબે રેક્સા સાથે થયેલી ગેરવર્તૂણક અંગનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થયો છે. સિંગરે વીડિયોમાં મ્યૂનિખ ઈન્ટરનેશનલ એરપોર્ટનો અનુભવ શેર કર્યો છે. તેણે સોશિયલ મીડિયા પર રડતાં-રડતાં વીડિયો બનાવ્યો છે કે, એરપોર્ટ પર તેની સાથે ખૂબ જ ખરાબ વર્તન કરવામાં આવ્યું હતું. રેક્સાએ કહ્યું કે તેણે સુરક્ષા એજન્ટ સાથે અલ્બેનિયનમાં વાત કરતાં તેને ધમકી આપવામાં આવી હતી અને તેની સાથે ભેદભાવ કરવામાં આવ્યો હતો. આ ઘટનાથી તેને ભારે આઘાત લાગ્યો છે. રેક્સાએ તેની ઈન્સ્ટા સ્ટોરી દ્વારા જણાવ્યું કે તેણે લુફથાંસા એરલાઈન સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. સિંગર બેબે રેક્સાએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો અને કહ્યું, '@lufthansa મને મ્યુનિક ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ધમકી આપવામાં આવી છે કારણ કે મેં અલ્બેનિયન ભાષામાં સિક્યુરિટી એજન્ટ સાથે વાત કરી હતી. મને લાગ્યું કે તે અલ્બેનિયન છે. જ્યારે મેં તેને પૂછ્યું કે હું મારી ટિકિટ ક્યાંથી મેળવી શકું



છું, તો તેણે મને ધમકાવી અને ફલાઈટમાં મુસાફરી કરવાની ના પાડી, જેના કારણે મારે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો, કારણ કે હું અલ્બેનિયન છું. રેક્સાએ એરલાઈનની ટીકા કરતાં કહ્યું કે, 'મારી સાથે જે વર્તૂણક થઈ રહી હતી, ત્યારે ત્યાં હાજર કોઈ મહિલાએ મને સપોર્ટ કર્યો ન હતો. મને પાછળથી ખબર પડી કે, તે એજન્ટ ઓફિસર એટીએસજી માટે કામ કરે છે. જે સમગ્ર એરલાઈન્સને ડોક્યુમેન્ટ કંટ્રોલ સપોર્ટ આપે છે. એજન્ટનું નામ જાણવાનો પ્રયાસ કર્યો પણ હું સફળ થઈ નહીં.



ખુશાલી કુમારે સ્ટાઈલિશ લૂકમાં ફોટોશૂટ કરાવ્યું છે. જેની તસવીરો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહી છે.ખુશાલી અલગ-અલગ અંદાજમાં કાતિલ પોઝ આપતી જોવા મળી રહી છે. ચાહકો પણ તેના ગ્લેમરસ અંદાજને લાઈક કરી રહ્યા છે.




શ્રિયા પિલગાંવકરે પોતાના ઈન્સ્ટાગ્રામ પર નવા લૂકમાં શાનદાર તસવીરો શેર કરી છે.એક્ટ્રેસ બ્લેક લૂકમાં કાતિલ પોઝ આપતી જોવા મળી રહી છે. ચાહકો પણ તેના નવા લૂક પર ફિદા થયા છે.શ્રિયા પિલગાંવકર મિર્ઝાપુર સિરીઝમાં પણ જોવા મળી હતી.

## કાર્તિકને ચંદુ ચેમ્પિયન માટે બેસ્ટ એક્ટર અને 12th ફેલને બેસ્ટ ફિલ્મનો અવોર્ડ

મુંબઈ,તા.૧૮

ઑસ્ટ્રેલિયામાં ૧૫મા ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઑફ મેલબર્નની શરૂઆત થઈ ચૂકી છે. એમાં બેસ્ટ ઍક્ટરનો અવૉર્ડ કાર્તિક આર્યનને તેની 'ચંદુ ચૅમ્પિયન' માટે આપવામાં આવ્યો છે. અવૉર્ડ મળ્યા બાદ તેણે સૌનો આભાર માન્યો હતો. તો વિક્રાન્ત મૅસીની '12th ફેલ'ને બેસ્ટ ફિલ્મનો અવૉર્ડ મળ્યો છે. આ બન્ને ફિલ્મોની સ્ટોરી રિયલ લાઈફ પર આધારિત હતી. બેસ્ટ ઍક્ટ્રેસનો અવૉર્ડ મલયાલમ ફિલ્મોની ઍક્ટ્રેસને મળ્યો છે. 'ચંદુ ચૅમ્પિયન' માટે કબીર ખાનને અને સાઉથની ફિલ્મ 'મહારાજા' માટે નિથીલન સ્વામીનાથનને બેસ્ટ ડિરેક્ટરનો જૉઈન્ટ અવૉર્ડ આપ વામાં આવ્યો છે. આ ફેસ્ટિવલ પચીસમી ઑગસ્ટ સુધી ચાલશે.





# SPORTS કોર્નર

## કમિન્સ ભારત સામેની ટેસ્ટ શ્રેણી પહેલા આઠ સપ્તાહનો બ્રેક લેશે, આ દેશો સામે નહીં રમે

સિડની,તા.૧૮

ઓસ્ટ્રેલિયાના ટેસ્ટ કેપ્ટન પેટ કમિન્સ ભારત સામે વર્ષના અંતમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પહેલા આઠ સપ્તાહનો બ્રેક લેશે. ઓસ્ટ્રેલિયા ૧૯૯૨ પછી પ્રથમ વખત ભારત સામે ૨૨ નવેમ્બરથી પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમશે. શ્રેણીને ધ્યાનમાં રાખીને, કમિન્સે પોતાને બે મહિનાનો બ્રેક આપ વાનું નક્કી કર્યું છે જેથી કરીને તે પોતાની જાતને ફ્રેશ રાખી શકે.

કમિન્સ સ્કોટલેન્ડ અને ઈંગ્લેન્ડ સામેની સીમિત ઓવરો ની શ્રેણીમાં ભાગ લેશે નહીં. તાજેતરમાં તેણે બ્રેક લેવા અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો અને કહ્યું કે તે કેવી રીતે જૂન ૨૦૨૩ થી સતત રમી રહ્યો છે. કમિન્સે કહ્યું, દરેક વ્યક્તિ જે વિરામ પછી પાછો આવે છે તે થોડો ફ્રેશ હોય છે, તેનો તમને ક્યારેય અફસોસ નથી. હું વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ બાદથી સતત રમી રહ્યો છું અને તેને લગભગ ૧૮ મહિના થઈ



ગયા છે. ફ્રેશ થવા અને મારા શરીરને આકારમાં રાખવા માટે મને સાત-આઠ અઠવાડિયાના વિરામની જરૂર છે. જ્યારે તમે પાછા આવો અને તમારી ગતિ જાળવી રાખો ત્યારે આ તમને લાંબા સમય સુધી બોલિંગ કરવાની મંજૂરી આપે છે. આ ઈજાનું જોખમ પણ ઘટાડે છે.

કમિન્સ ગયા વર્ષે જૂનથી સતત રમી રહ્યો છે. તેણે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ભાગ લીધો હતો. આ પછી તે એશિઝ સિરીઝ,વનડે વર્લ્ડ કપ ૨૦૨૩, આઈપીએલ ૨૦૨૪ અને ટી ૨૦ વર્લ્ડ કપમાં પણ રમ્યો હતો. આ કારણોસર, આ ઝડપી બોલર માટે આગામી મહત્વપૂર્ણ શ્રેણી પહેલા આરામ કરવો જરૂરી બની ગયો છે. કમિન્સ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતવા આતુર છે જે ઓસ્ટ્રેલિયા ૨૦૧૭ થી જીત્યું નથી. કમિન્સે કહ્યું, આ એક ટ્રોફી છે જે મેં જીતી નથી. અમારી ટીમમાં ઘણા એવા ખેલાડીઓ છે જે હજુ પણ આનાથી વંચિત છે. તમે ઘરે આ પ્રકારની ટ્રોફી જીતવા માંગો છો. મને લાગે છે કે તમારે ટોચની ટીમોને પડકારવાનો પ્રયાસ કરવો જોઈએ. આ એક સારી ટીમ છે અને અમે તેમની સામે ઘણું રમ્યા છીએ. અમે તેમને સારી રીતે જાણીએ છીએ અને મને લાગે છે કે અમે સારી સ્થિતિમાં છીએ. ઓસ્ટ્રેલિયા ભારત સામે છેલ્લી બે ટેસ્ટ શ્રેણી હારી ચૂક્યું છે. ભારતે ૨૦૧૮-૧૯ અને ૨૦૨૦-૨૧માં ટેસ્ટ શ્રેણીમાં કાંગારૂ ટીમને હરાવ્યું હતું. જોકે, બંને ટીમો માટે આગામી સિરીઝ ઘણી મહત્વની છે.

## આઈપીએલ ફ્રેન્ચાઈઝી પંજાબ કિંગ્સના માલિકો વચ્ચે બબાલ



મુંબઈ,તા.૧૭

ઈન્ડિયન પ્રીમિયર લીગની ફ્રેન્ચાઈઝી પંજાબ કિંગ્સમાં બધું બરાબર નથી ચાલી રહ્યું. એવા સમાચાર છે કે ટીમ ગ્રુપ્સમાં વહેંચાઈ ગઈ છે. આની સાથે માલિકો વચ્ચેના પરસ્પર મતભેદો પણ સામે આવ્યા છે. આ લડાઈ કોર્ટ સુધી પહોંચી ગઈ છે. રિપોર્ટ્સ પ્રમાણે પંજાબ કિંગ્સના ચાર માલિકોમાંથી એક પ્રીતિ ઝિન્ટા એ અન્ય પ્રમોટર સામે પ્રતિબંધના આદેશની માંગ કરી છે. પ્રખ્યાત બોલીવુડ અભિનેત્રી પ્રીતિ ઝિન્ટા કેપીએચ ડ્રીમ ક્રિકેટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પંજાબ કિંગ્સ ફ્રેન્ચાઈઝીમાં ૨૩ ટકા હિસ્સો ધરાવે છે.

ચંદીગઢ હાઈકોર્ટમાં દાખલ કરાયેલી અપીલ અનુસાર, તે સહ-માલિક મોહિત બર્મનને ટીમમાં તેના શેરનો એક ભાગ અન્ય કોઈ પક્ષને વેચતા અટકાવવા માંગે છે. મોહિત બર્મન કેપીએચ ડ્રીમ ક્રિકેટ પ્રાઈવેટ લિમિટેડમાં ૪૮ ટકા સાથે સૌથી મોટો હિસ્સો ધરાવે છે. નેસ વાડિયા પ્રમોટર જૂથમાં ત્રીજા માલિક છે, જેઓ ૨૩ ટકા શેર ધરાવે છે, જ્યારે બાકીના શેર ચોથા માલિક કરણ પોલ પાસે છે. ડાબર કંપની સાથે સંકળાયેલા ૫૬ વર્ષીય મોહિત બર્મને શુક્રવારે ક્રિકબઝને જણાવ્યું કે, 'મારા શેર વેચવાની મારી કોઈ યોજના નથી.' જોકે, મીડિયા અહેવાલો પ્રમાણે બર્મન તેનો ૧૧.૫ ટકા હિસ્સો કોઈ અજ્ઞાત પક્ષને વેચવા માગે છે.


બર્મન બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંના એક છે. તેમણે આર્બિટ્રેશન એન્ડ કોન્સિલિએશન એક્ટ-૧૯૯૬ની કલમ ૯ હેઠળ વચગાળાના પગલાં અને દિશાનિર્દેશોની માંગ કરતી અરજી દાખલ કરી છે.


## અરુણ જેટલી સ્ટેડિયમમાં રિષભ પંતનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

નવીદિલ્હી,તા.૧૮

દિલ્હી પ્રીમિયર લીગ દરમિયાન ભારતીય વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતનું અરુણ જેટલી સ્ટેડિયમમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પંત આ લીગમાં ભાગ લઈ રહ્યો છે અને જૂની દિલ્હી ૬ ટીમનું નેતૃત્વ કરી રહ્યો છે. પ્રથમ મેચમાં તેની ટીમનો સામનો આયુષ બદોનીની કપ્તાનીમાં દક્ષિણ દિલ્હી સુપર સ્ટાર્સ સામે થયો હતો. ભારતીય ટીમ હાલમાં બ્રેક પર છે જેના કારણે પંતે ડીપીએલમાં રમવાનો નિર્ણય કર્યો છે. તેના સિવાય અનુભવી ઝડપી બોલર ઈશાંત શર્મા પણ આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યો છે જે તેની ટીમમાં છે.

આયોજકોએ સ્ટેડિયમમાં પંતનું ભવ્ય સ્વાગત કર્યું અને આ દરમિયાન દર્શકોએ ભારતીય ખેલાડીને પ્રોત્સાહિત કર્યા. દિલ્હી અને ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ રોહન જેટલી અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ ટી ૨૦ વર્લ્ડ કપ ટાઈટલ જીતવામાં તેની ભૂમિકા બદલ પંતનું સન્માન





કર્યું હતું.

ટૂર્નામેન્ટની શરૂઆતમાં, પંતે આ લીગ યુવાનોને મળેલી તકો વિશે વાત કરી. આ સાથે તેણે દિલ્હીના દર્શકોમાં રમવાની ઉત્તેજના વિશે પણ જણાવ્યું. પંતે કહ્યું, હું દિલ્હી પ્રીમિયર લીગમાં રમવા માટે ખરેખર ઉત્સાહિત છું કારણ કે મને લાગે છે કે તે પાયાના સ્તરના ખેલાડીઓ માટે એક મોટી તક છે જેમને આઈપીએલમાં ઓળખ નથી મળતી. જ્યારે લોકો તમને આ લીગમાં રમતા જુએ છે, ત્યારે તેઓ તમને આ લીગમાંથી પસંદ કરી શકે છે. મને આશા છે કે આ ટૂર્નામેન્ટ યુવા ખેલાડીઓ માટે સારી સફર સાબિત થશે.

પંત હવે ૫ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલી દુલીપ ટ્રોફીના પ્રારંભિક રાઉન્ડમાં પણ રમતા જોવા મળશે. ડિસેમ્બર ૨૦૨૨માં કાર અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયા બાદ પંતની આ પ્રથમ રેડ-બોલ ટૂર્નામેન્ટ હશે. સ્થાનિક ટૂર્નામેન્ટમાં પંતના શાનદાર પ્રદર્શનને કારણે આવતા મહિને બાંગ્લાદેશ સામે બે મેચની ટેસ્ટ શ્રેણી માટે તેની પસંદગી થઈ શકે છે. જો કે, પંત માટે આ પડકાર આસાન નહીં હોય કારણ કે તેની પાસે રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવવાની રેસમાં કેએલ રાહુલ, ઈશાન કિશન અને ધ્રુવ જુરેલ સાથે સ્પર્ધા હશે.

# ભરૂચ જિલ્લાની ૧૪૦૦ જેટલી મિલકત વક્ફે પોતાની ગણાવી દીધી

## ભરૂચમાં ઐતિહાસિક વ્યાયામ શાળા વક્ફ બોર્ડે પોતાની સંપત્તિ ગણાવતા હિન્દુ સંગઠનો આકરા પાણીએ

ભરૂચ,તા.૧૮

દેશમાં છેલ્લા કેટલાક સમયથી વક્ફ કાયદાને લઈ વિવાદ ચાલી રહ્યો છે. વક્ફ કાયદાથી ખોટી રીતે સંપત્તિઓ હડફ કરી લેવાતી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. ભરૂચમાં એક એવી ઘટના બની સામે આવી કે જેના કારણે ફરી એકવાર વક્ફ કાયદા સામે સવાલો ઉભા થયા છે. ઐતિહાસિક વ્યાયામ શાળા વક્ફ બોર્ડે પોતાની સંપત્તિ ગણાવતા હિન્દુ સંગઠનો આકરા પાણીએ થયા છે. આ છે એ ઐતિહાસિક જગ્યા જ્યાં શહેરના અનેક યુવાઓએ પોતાનું બાળપણ વિતાવ્યું છે. જાતભાતની અનેક રમતો રમી છે. શહેરના સૌથી ઉંમરના વૃદ્ધને પૂછો તો તે સડસડાટ આ વ્યાયામ શાળાનો આખો ઈતિહાસ બોલી જાય. ભરૂચમાં આવેલી આ વ્યાયામ શાળામાં અનેક યુવાઓ અંગ કસરતના દાવ કરે છે અને ક્રિકેટ સહિત અનેક રમતો રમીને શરીરને મજબૂત રાખવાનો પ્રયાસ કરે છે પણ આ વ્યાયામ શાળા પર હવે વક્ફ બોર્ડે દાવો ઠોકી દીધો છે. ખોટી રીતે કરવામાં આવેલા આ દાવાથી હાહાકાર મચી ગયો છે. વક્ફ બોર્ડે પોતાની વેબસાઈટ પર બટુકનાથ વ્યાયામ શાળાને પોતાની મિલકત ગણાવતાં હિન્દુ સંગઠનો રોષે ભરાયા છે. વ્યાયામ શાળાના ટ્રસ્ટીઓએ આ મામલે આકરો વિરોધ કર્યો છે. વક્ફ બોર્ડની વેબસાઈટમાં એકલી બટુકનાથ વ્યાયામ શાળા જ નહીં પરંતુ ભરૂચ જિલ્લાની ૧૪૦૦ જેટલી મિલકત વક્ફે પોતાની ગણાવી દીધી છે. પોતાની વેબસાઈટમાં અલગ અલગ અનેક મિલકતો પર વક્ફે દાવો ઠોકી દેતાં સમગ્ર જિલ્લામાં હાહાકાર મચી ગયો છે. તો વક્ફના દાવાનો ભરૂચથી ભાજપના સાંસદ મનસુખ વાસાવા આકરો વિરોધ કર્યો છે. વસાવાએ ખાતરી આપી છે કે, એ વિરોધ કર્યો છે અને કલેક્ટર, જિલ્લા ભાજપ પ્રમુખ અને બીજા ધારાસભ્યો સાથે મળીને આ વિષય પર ઉચિત તપાસ કરાવીશું તેવી ખાતરી આપી છે. જે વક્ફ બિલનો વિરોધ સંસદની અંદર જોરશોરથી કોંગ્રેસે કર્યો હતો. તે જ કોંગ્રેસ પાર્ટીનું ભરૂચની ઘટના પર નિવેદન લેવાનો અમે પ્રયાસ કર્યો પરંતુ ગુજરાત કોંગ્રેસના એક પણ નેતા કંઈ બોલવા તૈયાર થયા ન હતા. ગુજરાત કોંગ્રેસના તમામ નેતાઓએ નિવેદન આપવામાં ગોળગોળ વાતો કરી હતી. વક્ફ એક્ટ મામલે કોંગ્રેસના સ્ટેન્ડથી અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. વક્ફ એક્ટમાં વક્ફ બોર્ડની કેટલીક એવી સત્તાઓ આપવામાં આવી છે જેની કલ્પના પણ કરી શકાય તેમ નથી. પ્રધાનમંત્રી નહેરુના સમયગાળામાં બનેલો આ કાયદો વર્ષોથી વિવાદમાં રહ્યો છે પરંતુ કોઈએ તેને કાઢવાની હિંમત કરી નથી. હા મોદી સરકારે થોડી હિંમત દાખવી પરંતુ આકરા વિરોધને કારણે બિલને જેપીસી કમિટી પાસે મોકલવામાં આવ્યું છે. ભરૂચની ઘટના પર આગળ શું થાય છે તે જોવું રહ્યું.

# ૨૦-૨૫ ઓગસ્ટે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની અંબાલાલની આગાહી



અમદાવાદ,તા.૧૮

ગુજરાતમાં વરસાદની કાગડોળે રાહ જોવાઈ રહી છે. ઓગસ્ટ મહિનાની શરૂઆતથી વરસાદ જે રીતે ગાયબ થઈ ગયો છે, તેની હજી સુધી પધરામણી થઈ નથી. ત્યારે હવે નવી આગાહીથી કદાચ રાહત મળી શકશે. હાલ તો આગામી ચાર દિવસ વરસાદ માટે કોઈ એલર્ટ નથી. માત્ર આગામી ચાર દિવસ રાજ્યમાં છૂટો છવાયો વરસાદ રહી શકે છે. પરંતુ હવામાન વિભાગે જે લેટેસ્ટ અપડેટ આપ્યા છે તે ખુશીના છે. હવામાન વિભાગે જણાવ્યુ કે, ૨૧ ઓગસ્ટથી ગુજરાતમાં વરસાદનો નવો રાઉન્ડ આવશે. આ રાઉન્ડ ફરીથી રાજ્યમા ભારેથી અતિભારે વરસાદ લઈને આવશે. ૨૧ ઓગસ્ટથી રાજ્યમાં ફરી ભારે વરસાદની આગાહી છે. નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદ સાથે યલો રહેશે. અત્યાર સુધી સૌરાષ્ટ્ર અને કચ્છમાં સરેરાશ કરતા વધુ વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી ૫૧૩ દ્રહ્ વરસાદ સામે ૫૩૬ દ્રહ્ વરસાદ નોંધાયો છે. હવામાનના નિષ્ણાત પરેશ ગોસ્વામીએ કહ્યું કે, ઓગસ્ટ મહિનામાં રાજ્યમાં ખૂબ સારો વરસાદ પડવાનો છે. હાલ અરબી અને બંગાળની ખાડી સંપૂર્ણપણે નિષ્ક્રિય છે. ગુજરાત પર વરસાદની કોઇ સિસ્ટમ સક્રિય નથી. ૧૭-૧૮ ઓગસ્ટએ અરબી સમુદ્રમાં એક સિસ્ટમ સક્રિય બનશે. જેમાં ૧૭થી ૨૧ ઓગસ્ટ સુધી રાજ્યના અમુક વિસ્તારો ની અંદર સામાન્યથી મધ્યમ વરસાદ પડશે. ૧થી ૩ ઈંચ સુધીનો વરસાદ પડી શકે છે. ૨૨થી ૩૦ ઓગસ્ટ સુધી બંગાળની ખાડીમાં એક લો પ્રેશર બનશે. તેમણે આગાહી કરી કે, ૨૫ ઓગસ્ટ બંગાળના ઉપસાગરમાં ડિપ્રેશન બની શકે જેના કારણે રાજ્યના ઘણા ભાગમાં ઓગસ્ટના અંત સમયમાં સારો વરસાદ લાવી શકે છે. સપ્ટેમ્બર ૭ તહેવારોના ગાળામાં હળવાથી ભારે વરસાદી ઝાપટાં પડી શકે છે. ૨૪ ઓગસ્ટ પછી કૃષિ પાકોમાં રોગ આવી શકે, ટ્રાયકોકાર્ડ કૃષિ અને બાગાયતી પાકોમાં ઉપયોગ કરી શકાય છે. તેમણે ખેડૂતને પેસ્ટિસાઈડ ન છાંટવી હોય તો પ્રકાશ પીંજરનો ઉપયોગ કરી શકાય તથા એનપીએ છાંટી શકાય તેવી સલાહ આપી છે. ગુજરાતના હવામાન વિભાગના નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી સામે આવી છે. શ્રીલંકા પાસે એક સિસ્ટમ બનશે તેના કારણે દક્ષિણ ભારતમાં ભારે વરસાદ થવાની શક્યતા છે. ત્યારબાદ આગળ વધીને અરબી સમુદ્ર આવશે અને મજબૂત થવાની શક્યતા વર્તાઈ રહી છે. સામાન્ય રીતે આ સિસ્ટમ લો પ્રેશર કે ડિપ્રેશન સુધી જઈ શકે છે.

## : તસ્વીરી સમાચાર :



**અમેરિકામાં કોરોનાની રિએન્ટ્રી :** અમેરિકામાં ફરી એકવાર કોરોના મહામારીએ જોર પકડ્યું છે. છેલ્લા બે વર્ષમાં દેશમાં સૌથી વધુ કોરોના દર્દીઓની ઓળખ કરવામાં આવી છે. યુએસ સેન્ટર ફૉર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC)ના વેસ્ટવૉટર ડેશબૉર્ડે આ વાતની પુષ્ટિ કરી છે. CDCએ કહ્યું કે હાલમાં અમેરિકામાં કોરોના મહામારીની મોટી લહેર ચાલી રહી છે. લોકોના ઘરમાંથી નીકળતા ગટરના પાણી પરથી આ વાત બહાર આવી છે. છેલ્લા બે વર્ષની સરખામણીમાં ગટરના પાણીમાં સૌથી વધુ વાયરલ એક્ટિવિટી જોવા મળી છે. સીડીસીએ જણાવ્યું હતું કે ૧૦ ઓગસ્ટના રોજ લેવામાં આવેલા નમૂનામાં, વાયરલ પ્રવૃત્તિ ૮.૮૨ પર પહોંચી ગઈ છે, જે જુલાઈ ૨૦૨૨ ના ૯.૫૬ કરતા થોડી ઓછી છે. હાલમાં, અમેરિકામાં કોરોનાનું સ્તર શોધવા માટે ગટરનું પાણી એકમાત્ર રસ્તો છે.



**અમેરિકામાં રામ મંદિરની ઝાંખીને લઈને વિવાદ :** અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં રવિવારે (૧૮ ઓગસ્ટ) યોજાનારી ઈન્ડિયા ડે પરેડને લઈને વિવાદ થઈ ગયો છે. તેમાં સામેલ થનારી રામ મંદિરની ઝાંખીનો ઘણા સંગઠનોએ વિરોધ કર્યો છે. ઘણા સંગઠનોએ તેને મુસ્લિમ વિરોધી ગણાવ્યું અને કહ્યુ કે તેને કાર્યક્રમમાંથી દૂર કરી દેવું જોઈએ. આ ઝાંખીમાં અયોધ્યામાં બનેલા રામ મંદિરને દર્શાવવામાં આવ્યું છે. વિરોધ કરનારા સંગઠનોનું માનવું છે કે આ ઝાંખીમાં જે મંદિરને દર્શાવવામાં આવ્યું છે, તે એક વિવાદિત મસ્જિદ પર બનાવવામાં આવ્યું છે, તેથી તેને મુસ્લિમ વિરોધી ગણાવીને ટીકા કરી છે અને તેને દૂર કરવાની માંગ કરી છે. આને લઈને કેટલાક અમેરિકી સંગઠનોએ ન્યૂયોર્ક શહેરના મેયર એરિક એડમ્સ અને ન્યૂયોર્કના ગવર્નર કેથી હોચુલને પત્ર લખીને આ ઝાંખીને મુસ્લિમ વિરોધી ગણાવી છે અને કહ્યું છે કે આ મસ્જિદને તોડી પાડવાનું મહિમામંડન કરે છે. જ્યારે, મેયર એરિક એડમ્સે આ અઠવાડિયાની શરૂઆતમાં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યુ હતું કે નફરત માટે કોઈ જગ્યા નથી. જો પરેડમાં કોઈ ઝાંખી અથવા કોઈ વ્યક્તિ જે નફરતને પ્રોત્સાહન આપી રહ્યો છે, તો તેમણે આવું ન કરવું જોઈએ. એડમ્સના કાર્યાલયે પછીથી છઁ ને જણાવ્યું હતું કે અમેરિકી બંધારણ હેઠળ અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર દરેકને છે.



**સાવધાન, મંકીપોક્સને હલકામાં ન લો! :** વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનએ કહ્યું છે કે આજકાલ વિશ્વભરમાં ઝડપથી ફેલાઈ રહેલા મંકીપોક્સ અથવા એમપોક્સ માતાથી ગર્ભમાંના બાળકને પણ થઈ શકે છે. સંગઠને રવિવારે (૧૮ ઓગસ્ટ) એમપોક્સ સંબંધિત કેટલીક માહિતી પ્રશ્નોત્તરી સ્વરૂપે શેર કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સતત એમપોક્સની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. આ અંગે એક ઉચ્ચ સ્તરીય બેઠક પણ યોજાઈ હતી. WHOએ જણાવ્યું હતું કે એમપોક્સ સામાન્ય રીતે સ્પર્શ, જાતીય સંબંધો અને નજીકના સંપર્કથી થાય છે. આ ઉપરાંત, એમપોક્સ વાયરસ ચેપગ્રસ્ત વ્યક્તિ દ્વારા સ્પર્શ કરાયેલી કોઈ વસ્તુ અથવા સપાટીને સ્પર્શ કરવાથી પણ તંદુરસ્ત વ્યક્તિને અસર કરી શકે છે. માહિતીમાં જણાવાયું છે કે, ગર્ભાવસ્થા દરમિયાન ચેપ ભ્રૂણ સુધી પણ ફેલાઈ શકે છે. જન્મ સમયે અથવા જન્મ પછી ત્વચાથી ત્વચાના સંપર્કમાં આવવાથી અને શિશુ અથવા બાળકોના માતા પિતા સાથેના નજીકના સંપર્કથી પણ તે ફેલાઈ શકે છે.



**ભારતમાં વધતો ઓઝોનનો ખતરો :** ભારતના મોટા શહેરોમાં ઓઝોન પ્રદૂષણ એક મોટી સમસ્યા બની રહ્યું છે. દિલ્હી-એનસીઆરમાં ૧૦ મોટા શહેરોમાં સૌથી વધુ ગ્રાઉન્ડ લેવલ ઓઝોન પ્રદૂષણ છે. આ અભ્યાસ સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ દ્વારા કરવામાં આવ્યો છે. જાન્યુઆરીથી જુલાઈ સુધીના છ મહિનામાં દિલ્હી-એનસીઆરમાં ૧૭૬ દિવસ એવા હતા જ્યારે ઓઝોનનું સ્તર ખૂબ ઊંચું હતું. આ પછી મુંબઈ અને પૂણે આવે છે, જ્યાં ઓઝોનનું સ્તર ૧૩૮ દિવસ સુધી ખૂબ ઊંચું રહ્યું હતું. જયપુરમાં આ સંખ્યા ૧૨૬ દિવસ રહી. આ ડેટા છેલ્લા પાંચ વર્ષ (૨૦૨૦ થી ૨૦૨૪) માટેના છે, જે અધિકૃત પ્રદૂષણ માપન કેન્દ્રો પરથી લેવામાં આવ્યા છે. આ અભ્યાસમાં જાન્યુઆરીથી જુલાઈ સુધીના ડેટાને જોવામાં આવ્યો હતો. એપ્રિલથી જુલાઈ સુધી ઉનાળાના મહિનાઓ પર વધુ ધ્યાન આપવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન, બેંગલુરુ, ચેન્નઈ, દિલ્હી-એનસીઆર, અમદાવાદ, હૈદરાબાદ, જયપુર, કોલકાતા, લખનૌ, મુંબઈ અને પુણે શહેરોમાંથી ડેટા લેવામાં આવ્યો હતો. આ ૧૦ શહેરોમાં પ્રદૂષણ માપતા કુલ ૨૨૪ સત્તાવાર સ્ટેશનો પરથી મેળવેલા ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ સ્ટેશનો પરથી દર ૧૫ મિનિટે વાયુ પ્રદૂષણનો ડેટા એકત્રિત કરવામાં આવે છે અને કેન્દ્રીય ડેટાબેઝમાં સંગ્રહિત કરવામાં આવે છે. ઓઝોન એક ખૂબ જ હાનિકારક ગેસ છે જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડે છે. બાળકો, વૃદ્ધો અને પહેલાથી જ શ્વસન સંબંધી રોગોથી પીડિત લોકો આ ગેસથી ખાસ કરીને જોખમમાં છે.

# ગિરિરાજ સિંહે બંગાળમાં સ્થિતિને જોતા મમતાના રાજીનામાની માંગ કરી




નવીદિલ્હી,તા.૧૮

પશ્ચિમ બંગાળના કોલકાતામાં એક તાલીમાર્થી મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને ત્યારબાદ હત્યાના કેસમાં ભાજપ રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર આકરા પ્રહારો કરી રહી છે. આ દરમિયાન કેન્દ્રીય મંત્રી અને બેગુસરાયના સાંસદ ગિરિરાજ સિંહે બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જોતા સીએમ મમતાના રાજીનામાની માંગ કરી છે.

ભાજપના ફાયરબ્રાન્ડ નેતા તરીકે જાણીતા ગિરિરાજ સિંહે પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જી વિશે કહ્યું, "આ ખૂબ જ વિચિત્ર છે અને મને આશ્ચર્ય થાય છે. બંગાળમાં કાયદો અને વ્યવસ્થા ખરાબ છે, મુખ્યમંત્રી (મમતા બેનર્જી) આરોગ્ય મંત્રી છે, કાયદો અને ઓર્ડર તે તેના હાથમાં છે અને તે સત્તામાં છે જો તે તેને સંભાળી ન શકે તો તેણે રાજીનામું આપી દેવું જોઈએપ જો તેને સત્તા પરથી હટાવવામાં નહીં આવે તો બંગાળ બીજું બાંગ્લાદેશ બની જશેપ'

પશ્ચિમ બંગાળનાબીઆઈ હવે આ કેસની અલગ અલગ એંગલથી તપાસ કરી રહી છે મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ ૧૬ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ કોલકાતાના મૌલાલીથી ડોરિના સ્ક્વેર સુધી એક વિરોધ રેલીનું નેતૃત્વ કર્યું હતું, જેમાં આરજી મેડિકલ કોલેજમાં બળાત્કાર અને હત્યા કરાયેલ મહિલા ડૉક્ટર માટે ન્યાયની માંગ કરવામાં આવી હતી.સીબીઆઈ હવે આ કેસની અલગ અલગ એંગલથી તપાસ કરી રહી છે અહેવાલ મુજબ, સીબીઆઈ આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષની કોલ ડિટેઈલ અને ચેટની માહિતી એકત્ર કરી રહી છે. સીબીઆઈએ શનિવારે મોડી રાત સુધી ઘોષની લગભગ ૧૩ કલાક પૂછપરછ કરી હતી. રિપોર્ટ અનુસાર સીબીઆઇ ઓફિસરે હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલને પૂછવા માટે પ્રશ્નોની યાદી તૈયાર કરી છે.

# જમ્મુ-કાશ્મીરમાં ૧ લાખ સીએપીએફ જવાનો આતંકવાદીઓને બૂથ સુધી પહોંચવા નહીં દે



નવીદિલ્હી,તા.૧૮

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી ત્રણ તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કાનું મતદાન ૧૮ સપ્ટેમ્બરે થશે જ્યારે બીજા તબક્કાનું મતદાન ૨૫ સપ્ટેમ્બરે થશે. ત્રીજા તબક્કા હેઠળ ૧ ઓક્ટોબરે મતદાન થશે. ૪ ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે. ચૂંટણી પંચે ખાતરી આપી છે કે તમામ ઉમેદવારોને પૂરતી સુરક્ષા મળશે. ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે હાથ ધરવામાં આવશે. નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ ચૂંટણી કરાવવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ખાસ રણનીતિ બનાવી છે. જમ્મુ અને કાશ્મીરમાં હાજર આતંકવાદીઓ ચૂંટણીને વિક્ષેપિત કરવાનો પ્રયાસ કરી શકે છે, તેથી જમ્મુ-કાશ્મીરમાં કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની ૧૦૦૦ કંપનીઓ તૈનાત કરવામાં આવશે. મતલબ કે એક લાખથી વધુ જવાનો શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજશે.

વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૮ ઓગસ્ટે કેન્દ્રીય દળોની તૈનાતીના આદેશ જારી કરવામાં આવ્યા છે. કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની ૪૬૫ વધારાની કંપનીઓ રાજ્યમાં તૈનાત કરવામાં આવશે. જેમાં ૩૧૫ કંપનીઓ બહારથી આવશે. બાકીની ૧૫૦ કંપનીઓ તેમના મૂળ સ્થાનો પર પહેલેથી જ તૈનાત છે. તેઓ તેમની ફરજના સ્થળની નજીક જ તૈનાત કરવામાં આવશે. તેમાંથી ૩૧૫ ડાયરેક્ટ કંપનીઓ હશે, જ્યારે ૧૫૦ ઓરિજિનલ પ્લેસ કંપનીઓ હશે.

જો આપણે ૩૧૫ કંપનીઓની વાત કરીએ તો તેમાંથી ૫૫ સીઆરપીએફ, ૬૦ બીએસએફ, ૫૦ સીઆઈએસએફ, ૫૦આઈટીબીપી ૭૦એસએસબી અને ૩૦ આરપીએફ કંપનીઓ જમ્મુ ક્ષેત્ર માટે તૈનાત કરવામાં આવશે. આમાંથી કોઈ પણ કંપની કાશ્મીર ઝોન માટે તૈનાત કરવામાં આવશે નહીં. મૂળ સ્થાન ધરાવતી ૧૫૦ કંપનીઓમાંથી કાશ્મીર માટે સીઆરપીએફની ૧૦૫, બીએસએફની ૧૫, સીઆઇએસએફની ૦૦, એકંદરે, કાશ્મીર ઝોનમાં સીએપીએફની ૫૧૨ કંપનીઓ તૈનાત કરવામાં આવશે. જમ્મુ માટે ૪૮૮ કંપનીઓ તૈનાત કરવામાં આવશે. એટલે કે જમ્મુ અને કાશ્મીરમાં શાંતિપૂર્ણ રીતે વિધાનસભા ચૂંટણી કરાવવા માટે કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની ૧૦૦૦ કંપનીઓ તૈનાત કરવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉપરોક્ત સંખ્યામાંથી, ૫૩૫ સીએપીએફ કંપનીઓ છે જે પહેલેથી જમ્મુ અને કાશ્મીરમાં છે. તેમની ચૂંટણી ફરજ માટે અટકાયત કરવામાં આવી છે. હવે એક હજાર કંપનીઓમાંથી ૨૬૮ સીઆરપીએફ, ૧૨૮ બીએસએફ ૭૧ એસએસબી કંપનીઓ કાશ્મીર ક્ષેત્રમાં તૈનાત કરવામાં આવશે.

# અવકાશમાં ફસાયેલી સુનિતા વિલિયમ્સ સામે આવી નવી મુસીબત, આંખને મોટું નુકસાન



વોશિંગ્ટન,તા.૧૮

બોઈંગના સ્ટારલાઈનર અવકાશયાનમાં ખરાબીના કારણે સુનિતા વિલિયમ્સ અને બેરી વિલ્મોર લગભગ અઢી મહિનાથી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ફસાયેલા છે. યુએસ સ્પેસ એજન્સી નાસા પરત ફરવા માટે સ્પેસએક્સના ક્રૂ ડ્રેગનનો ઉપયોગ કરવાની યોજના બનાવી રહી છે. એટલે કે તેમની વાપસી આગામી સમયમાં થવાની શક્યતા છે. પરંતુ આ વચ્ચે એક મોટી ખબર આવી છે અને એ ખબર સુનિયા વિલિયમ્સના સ્વાસ્થયને લઈને છે.

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં લગભગ અઢી મહિનાથી અટવાયેલી નાસાની અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહી છે. નાસાના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ, તેમના સહયોગી કમાન્ડર બેરી વિલ્મોર સાથે જૂનની શરૂઆતમાં બોઈંગના સ્ટારલાઈનરમાં અવકાશમાં ગયા હતા. બંને એક અઠવાડિયું વિતાવ્યા બાદ પૃથ્વી પર પાછા ફરવાના હતા પરંતુ બોઈંગના સ્ટારલાઈનરમાં ખરાબીના કારણે તેમના પરત આવવામાં વિલંબ થઈ રહ્યો છે. નાસાએ તાજેતરમાં અહેવાલ આપ્યો છે કે પરત ફરવામાં ૨૦૨૫ સુધી વિલંબ થઈ શકે છે. દરમિયાન, નવા અહેવાલો સૂચવે છે કે સુનિતા વિલિયમ્સને આઈએસએસ પર આંખની સમસ્યા છે.

આ સમસ્યા પાછળ માઈક્રોગ્રેવિટીના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાનું કારણ હોવાનું કહેવાય છે. સુનિતા વિલિયમ્સની સમસ્યા સ્પેસફ્લાઈટ એસોસિએટેડ ન્યુરો-ઓક્યુલર સિન્ડ્રોમ તરીકે ઓળખાય છે. આ દેખીતી સમયગાળા દરમિયાન શરીરમાં પ્રવાહીના વિતરણને અસર કરે છે, જે દ્રષ્ટિની સમસ્યાઓ તરફ દોરી જાય છે. આનાથી અસ્પષ્ટ દ્રષ્ટિ થાય છે અને આંખની રચનામાં પણ ફેરફાર થઈ શકે છે. વિલિયમ્સની આંખોનું સ્વાસ્થ્ય જાણવા માટે તેની રેટિના, કોર્નિયા અને લેન્સનું સ્કેનિંગ કરવામાં આવ્યું છે.

યુએસ સ્પેસ એજન્સીએ સુનિતા વિલિયમ્સ અને વિલ્મોરને પરત લાવવાના ક્રૂ ડ્રેગન મિશનનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે. ક્રૂ ડ્રેગન મિશન સપ્ટેમ્બર ૨૦૨૪ માટે સુનિશ્ચિત થયેલ છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં તે પૃથ્વી પર પરત ફરે તેવી અપેક્ષા છે. વિલિયમ્સ અને વિલ્મોર આ મિશન પર પૃથ્વી પર પાછા આવી શકે છે. જો આમ થશે તો અવકાશમાં તેમનું રોકાણ ૮ મહિનાથી વધુ થઈ જશે. સ્પેસ મિશનમાં વિલંબ કરવા બદલ બોઈંગને આકરી ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. આવી સ્થિતિમાં, તેના અવકાશયાત્રીઓને પરત લાવવા માટે પ્રતિસ્પર્ધી સ્પેસએક્સના અવકાશયાનને પસંદ કરવું કંપની માટે આંચકો હશે. છેલ્લા કેટલાક મહિનાઓના કેટલાક અહેવાલો સૂચવે છે કે બોઈંગ સંખ્યાબંધ તકનીકી સમસ્યાઓ અને વિલંબથી ઝઝૂમી રહી છે, જેના કારણે ભારે ખર્ચ થયો છે. દરમિયાન, બીજી સમસ્યા અવકાશયાત્રીઓ માટે ના સ્પેસસુટ્સને લગતી છે. જો સુનિતા વિલિયમ્સ અને વિલમોર ક્રૂ ડ્રેગનથી પાછા ફરે છે, તો તેઓએ તેમના સ્પેસસુટને છોડી દેવા પડશે, જેનાથી સલામતી સમસ્યાઓ ઊભી થઈ શકે છે. અહેવાલો સૂચવે છે કે સ્પેસએક્સ ક્રૂ ડ્રેગન મિશન સાથે સૂટ મોકલવાનું પણ વિચારી રહ્યું છે.

# ભારત ૩ વર્ષમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા : ડૉ. ગોપિનાથ



વોશિંગ્ટન, તા.૧૮

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર ડૉ.ગીતા ગોપીનાથે કહ્યું છે કે ભારત ૨૦૨૭ સુધીમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. ભારત પહેલેથી જ વિશ્વની ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને ટૂંક સમયમાં તે ટોચની ત્રણ વૈશ્વિક આર્થિક શક્તિઓમાં સામેલ થવા જઈ રહી છે. ગોપીનાથે કહ્યું કે ગત નાણાકીય વર્ષ દરમિયાન ભારતનો વિકાસ અપેક્ષા કરતા ઘણો સારો રહ્યો છે. તમામ ક્ષેત્રોમાં ખાસ કરીને ગ્રામીણ અર્થતંત્રમાં ખાનગી વપરાશ વધ્યો છે. ટુ-વ્હીલરના વેચાણથી લઈને ફાસ્ટ-મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ સુધીનો એકંદર વપરાશ વધી રહ્યો છે. મીડિયા રિપોર્ટ્સમાં તેમને ટાંકવામાં આવ્યા છે કે સારા ચોમાસાથી સારા પાક અને કૃષિ આવકમાં વધારો થાય છે. દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં ડાયમંડ જ્યુબિલી કોન્ફરન્સમાં બોલતા ગોપીનાથે કહ્યું કે ૨૦૧૦થી શરૂ થયેલા દાયકામાં ભારતનો સરેરાશ વિકાસ દર ૬.૬ ટકા રહ્યો છે. પરંતુ રોજગાર દર ૨ ટકા કરતા ઓછો છે. આવી સ્થિતિમાં ભારતનો રોજગાર દર ૪૨૦ દેશો કરતા ઘણો ઓછો છે. તેમણે કહ્યું કે ૨૦૩૦ સુધીમાં લગભગ ૬ કરોડથી ૧૫ હજાર કરોડ વધારાની નોકરીઓ ઊભી કરવી પડશે. IMFએ નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે આર્થિક વૃદ્ધિનું અનુમાન એપ્રિલમાં ૬.૮ ટકાથી વધારીને ૭ ટકા કર્યું છે. RBI ગવર્નર શક્તિકાંત દાસના જણાવ્યા અનુસાર, જો છેલ્લા ત્રણ વર્ષમાં ભારતની સરેરાશ વૃદ્ધિ જોવામાં આવે તો તે ૮.૩ ટકા આવે છે. તેમણે ચાલુ વર્ષમાં ૭.૨ ટકા વૃદ્ધિનો અંદાજ મૂક્યો છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે શનિવારે ગીતા ગોપીનાથ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન નાણા મંત્રીએ કહ્યું કે ભારત IMF સાથે સહયોગને મજબૂત કરવા માટે વધારાના રસ્તાઓ શોધવા માટે તૈયાર છે. ગોપીનાથે ભારત અને IMF વચ્ચેના મજબૂત સંબંધોની પ્રશંસા કરી હતી.

## વિશ્વની સૌથી મોંઘી કાર, જેની કિંમતમાં આવી શકે ૫૧૩ ફોર્ચ્યુનર

વોશિંગ્ટ્ન, તા.૧૮

વિશ્વની સૌથી મોંઘી કાર કઈ છે? શું તમે જાણો છો? આ કારની કિંમત એટલી વધારે છે કે તેની કિંમત ૫૧૩ ફોર્ચ્યુનર કાર આવી શકે છે. Rolls-Royce La Rose Noire Droptail વિશ્વની સૌથી મોંઘી કાર છે. તેની કિંમત ૨૬૭ કરોડ રૂપિયા છે. બ્રિટિશ લક્ઝરી કાર નિર્માતા ગ્રુપ રોલ્સ રોયસ આ કાર બનાવે છે. માત્ર તેના લિમિટેડ એડિશન જ ઉપલબ્ધ છે. રોલ્સ રોયસ લા રોઝ નોયર ડ્રોપટેલ કારની કિંમત રૂ. ૨૬૭ કરોડ છે, જ્યારે ફોર્ચ્યુનરની કિંમત રૂ. ૫૨ લાખની આસપાસ છે. આ રીતે, રોલ્સ-રોયસ લા રોઝ નોઈર ડ્રોપટેલને બદલે ૫૧૩ ફોર્ચ્યુનર આવી શકે છે. Rolls-Royce La Rose Noire Droptail કારની ટોપ સ્પીડ ૨૫૦ કિમી પ્રતિ કલાક છે. આ કાર ૫ સેકન્ડમાં ૦ થી ૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપ પકડી શકે છે. Rolls-Royce La Rose Noire Droptail કારમાં ટ્વિન-ટર્બોચાર્જ્ડ ૬.૭૫ લિટર ક્ષમતાનું V12 એન્જિન છે. તે ૬૦૧ HP પાવર અને ૮૪૦ Nm ટોર્ક જનરેટ કરે છે. કારના ઈન્ટિરિયરમાં બ્લેક સિકેમોર વુડનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

# કરમરિયા પ્રાથમિક શાળામાં વેલનેસ ડે નું આયોજન




ભચાઉ તા.૧૮

ભચાઉ તાલુકા હેલ્થ ઓફિસર ડો.નારાયણ સિંગ તેમજ પી.એચ.સી.આધોઈ મેડિકલ ઓફિસર ડો. રોશન બલાતના માર્ગદર્શન હેઠળ પી.એચ. સી.આધોઈની કરમરીયા પ્રાથમિક શાળામા એડોલેસેન્ટ હેલ્થ એન્ડ વેલનેસ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં એડોલેસન્ટ કાઉન્સિલર કિરેન પાતર,સી એચ ઓ. દેવાંગી પ્રજાપતિ તેમજ તમામ સ્ટાફ ગણ હાજર રહ્યા હતા.આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને ૧૦ અને ૧૬ વર્ષ દરમિયાન લેવાની ટીડી વેક્સિન વિશે માહિતી અપાઈ હતી. તેમજ કિશોર અવસ્થા દરમિયાન થતા ફેરફારો વિશે,આરોગ્યલક્ષી જીવનશૈલી વિશે માહિતી આપવામાં આવી હતી.દેવાંગી પ્રજાપતિ દ્વારા વાહક જન્ય રોગો વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ વકૃત્વ સ્પર્ધામાં આરોગ્ય લક્ષી અને આઝાદી વિષય પર વક્તવ્ય રજૂ કરાયુ હતુ અને વિદ્યાર્થીઓની મેડીકલ તપાસણી કરાઇ હતી કાર્યક્રમ અંતર્ગત શાળામાં મહેંદી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને વકૃતવ સ્પર્ધા નુ આયોજન કરવા મા આવ્યુ હતું અને પહેલો,બીજો અને ત્રીજો નંબર આવનાર ને ઈનામોનુ વિતરણ કરવામાં આવ્યુ હતું.ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ગિફ્ટ આપવામાં આવી હતી આ સ્પર્ધામાં ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો કાર્યક્રમ ને સફળ બનાવવા શાળા ના આચાર્ય તેમજ સ્ટાફ ગણ અને આયુષ્યમાન આરોગ્ય મંદિર વોંધડાના તમામ સ્ટાફ એ સહયોગ આપ્યો હતો.

# ભુજપુર ગામે દેશભક્તિ ગીતોની સ્પર્ધાથી સ્વાતંત્રદિન ઉજવાયો



માંડવી તા.૧૭

મુન્દ્રા તાલુકાના ભુજપુર ગામે જૈન સંતોએ તમામ જ્ઞાતિના બાળકો માટે ૧૫મી ઓગસ્ટ ના દેશભક્તિ ગીતની સ્પર્ધાનું આયોજન કરીને ૭૮મો સ્વાતંત્ર્ય દિન ઉજવ્યો હતો. કચ્છ આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘના કાર્યવાહક તારાચંદ મુનિ મ.સા.અને તેમના શિષ્યો પ્રશાંતમુનિ મહારાજ, સમર્પણમુનિ મહારાજના સાનિધ્યમાં મોટી પક્ષના સ્થાનકમાં તમામ જ્ઞાતિના બાળકો માટે યોજેલ દેશભક્તિ ગીતની સ્પર્ધામાં બહોળી સંખ્યામાં બાળકો જોડાયા હતા, આ સ્પર્ધામાં પાંચમા નંબર સુધી વિજેતા બાળકોને ભાવનાબેન શેઠિયાએ શૈક્ષણિક ઉપકરણોના સ્વરૂપે ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા,જ્યારે રાજેશ સાવલાએ ભાગ લેનાર તમામ બાળકોને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કર્યા હોવાનું માંડવીના જૈન અગ્રણી દિનેશ શાહે જણાવ્યું હતું.

# ગુલામીમાંથી આઝાદી મળી તેમ સિદ્ધિ તપ કરવાથી આત્મામાંથી આઝાદી મળશે



માંડવી તા.૧૭

ચાતુર્માસાર્થે બિરાજમાન જૈનાચાર્ય યશોવિજયસુરીશ્વરજી મહારાજા આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં સમસ્ત જૈન સમાજના પાંચે ગચ્છના ૧૩૫ તપસ્વીઓએ ૪૫ દિવસીય સિદ્ધિ તપની કઠિન તપશ્ચર્યાની ૧૫ મી ઓગસ્ટના પાંચ બારી સાથે ૨૦ દિવસની તપશ્ચર્યા નિર્વિઘ્ને સંપન્ન કરી છે, જૈનાચાર્ય યશોવિજયસૂરીશ્વરજી મહારાજે જણાવ્યું હતું કે ગુલામીમાંથી આપણા ભારત દેશને આઝાદી મળી તેમ સિદ્ધિ તપ કરવાથી આત્મા માંથી આઝાદી મળશે.

સિદ્ધિતપમાં ૯ દિવસમાં ૧૮ બ્યાસણા કરાવવાનો લાભ ઝવેરબેન દેવજી મહેતા હસ્તે રૂપલબેન ભરતભાઈ મહેતા અને રિયાબેન કેરીન મહેતાએ લીધો હતો.

સાંજે જૈનપુરીમાં તપસ્વીઓએ રાષ્ટ્રધ્વજ સાથે રાષ્ટ્રગીત ગાઈને બ્યાસણું કરેલ હતું. ૨૭મી જુલાઈથી સિદ્ધિતપનો શુભારંભ થયેલ છે.૮ મી સપ્ટેમ્બરના સમાપન થતાં ૯મી સપ્ટેમ્બરના તમામ તપસ્વીઓ સમૂહ પારણા કરશે, તેવું મીડિયા કન્વીનર દિનેશ શાહે જણાવ્યું હતું.

# ખારોઈ શાળામાં વિધાર્થીઓને આરોગ્ય માર્ગદર્શન અપાયું



ભચાઉ તા.૧૮

ભચાઉ તાલુકા હેલ્થ ઓફિસર ડો.નારાયણ સિંગ તેમજ પી.એચ.સી મનફરા મેડીકલ ઓફીસર ડૉ ધમિષ્ઠા જાદવ તથા ડો. આરતી વસાણીના માર્ગદર્શન હેઠળ ખારોઈની પ્રાથમિક શાળામા એડોલેશન્ટ હેલ્થ એન્ડ વેલનેસ ડે ની ઊજવણી કરવામા આવી હતી.

ન્યુટ્રીશન, એનિમિયા વિષે એડોલેશન્ટ હેલ્થ કાઉન્સેલર દ્વારા માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ ૪૩ કિશોરીઓની ન્યુટ્રીશન, વજન ઉંચાઇ, હિમોગ્લોબીન, બી. એમ. આઈ. આરોગ્યલક્ષી માર્ગદર્શન આપી ,સ્કેનીંગ કરવામા આવ્યું હતુ આર.બી.એસ.કે ટીમ દ્વારા ફોરડી સ્કીનિગ વિશે માહિતી આપવામાં આવી હતી આર.બી. એસ. કે ડો.નીરાલીબા ઝાલા, ડૉ. અમી ઠક્કર, એડોલેશન્ટ હેલ્થ કાઉન્સેલર દિશા સુથાર, આશા આહિર તેમજ શાળાના શિક્ષક ગણ હાજર રહ્યા હતા.

# નખત્રાણા શેઠ કે.વી. માધ્યમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ભુજ તા.૧૯

શ્રી આશાપુરા સેવા વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ અને શાંતિનિકેતન ફાઉન્ડેશન ના સહયોગથી "એક વૃક્ષ માં કે નામ" અંતર્ગત ૫૦૦૦ વૃક્ષો વાવવાનાં સંકલ્પ સાથે નખત્રાણાની શેઠ કે.વી. ગવર્મેન્ટ ઉચ્ચતર માધ્યમિક શાળાના પ્રાંગણમાં ૧૫ મી ઑગસ્ટ પર્વ નિમિતે ૧૨૦ છોડનું વૃક્ષા રોપણ કરવામાં આવ્યું અને સંસ્થાના પ્રાંગણમાં પણ વ્યવસાય લક્ષી તાલીમ આપવામાં આવતી બહેનો દ્વારા ૮૦ જેટલા વુક્ષો વાવવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં અતિથિપદે શેઠ કે.વી.ગર્વમેન્ટ ઉચ્ચતર માધ્યમિક શાળાના પ્રિન્સીપાલ હર્ષદ ગરવા, હરેશ પટેલ,એમ. કે.જાડેજા રાજપૂત ક્ષત્રિય છાત્રાલયના ગૃહપતિ અજીતસિંહ ચાવડા, વસંત પટેલ, નમ્રતાબેન પટેલ, સોનલબેન શેઠિયા ઉપસ્થિત રહયા હતાં,મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કરી વૃક્ષો ભેટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું સંસ્થાના પ્રમુખ દાનવીરસિંહ મહેર દ્વારા વૃક્ષા રોપણની માહિતી અને શાંતિનિકેતન ફાઉન્ડેશનના યોગેશ દોશી દુબઈવાળા તરફથી વૃક્ષો દાનમાં આપવામાં આવ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન રીટાબેન, શાંતાબેન, પ્રીયા બેન અને આભાર વિધિ કલ્પનાબેન દ્વારા કરવામાં આવી હતી.

# સુભાષચંદ્ર બોઝની પુણ્યતિથિ ભુજમાં ઉજવાઈ



ભુજ તા.૧૮

આઝાદ હિન્દ ફોજના પ્રણેતા અને તુમ મુજે ખૂન દો મેં તુમ્હે આઝાદી દુંગાનો નારો આપનાર નેતાજી સુભાષચંદ્ર બોઝની પુણ્યતિથિ ૧૮મી ઓગસ્ટ ના હોતા સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા નગરપાલિકા સંચાલિત મંગલમ ચાર રસ્તે આવેલા બગીચામાં તેમની પ્રતિમાને વંદના નો કાર્યક્રમ પૂર્વ નગરપતિ અને જાણીતા ધારાશાસ્ત્રી શંકર સચદેના પ્રમુખ સ્થાને અને રામુ પટેલના અતિથિ પદે યોજવામાં આવ્યો હતો સૌપ્રથમ સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને શંકર સચદે દર્શક અંતાણી રામુ પટેલ, અંકિતા ધોકાઈ, નરેન્દ્ર સ્વાદિયા, તેમજ અન્યોએ વંદના કર્યા હતા શંકર સચદેએ જણાવ્યું હતું કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અંગ્રેજોની વિરૂદ્ધ લડવા માટે તેમણે જાપાનની સહાયતાથી આઝાદ હિંદ ફોજનું નેતૃત્વ કર્યું હતું.તેમના દ્વારા આપવામાં આવેલ જય હિન્દ નું સૂત્ર ભારતનું રાષ્ટ્રીય સૂત્ર બની ગયું છે. તેમણે તેમના જીવન માંથી પ્રેરણા લેવા અનુરોધ કર્યો હતો. દરમ્યાન સેવા કાર્યો પણ કરાયા હતા.

# ભુજ વિ.હિ.પરિષદ અને બજરંગ દળ દ્વારા અખંડ ભારત દિવસ ઉજવાયો



આણંદપર(યક્ષ)તા.૧૯

ભુજ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ૧૪ ઓગસ્ટે અખંડ ભારત દિવસ તરીકે મનાવવામાં આવ્યો હતો. બજરંગ દળ કચ્છ વિભાગના સંયોજક રાજન જોષીએ જણાવ્યું હતું કે, એક સમયે ભારત આર્યવ્રત અખંડ ભારત હતું. છેલ્લા ૧૫૦ વર્ષમાં ભારત માતાના ૧૫ જેટલા ભાગલા પડી અને અલગ દેશો બન્યા બજરંગ દળ નેમ છે કે, પુનઃ ભારતને અખંડ બનાવી અને સમગ્ર વિશ્વને ધર્મ અને શાંતિનો સંદેશ આપવો. કચ્છમાં કુલ ૧૧ જેટલા સ્થાનો પર અખંડ ભારતના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા, જેમાં ભારતમાતાનું પૂજન,આરતી જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, કાર્યક્રમમાં કચ્છ વિભાગના સંયોજક, ગુજરાત પ્રદેશ માતૃશક્તિ સયોજિકા કલ્પનાબેન, અશોક આહીર, કરણસિંહ જાડેજા, જયેશભાઈ, ભાગ્યરાજસિંહ જાડેજા, નરેન્દ્ર સિંહ જાડેજા,જગદીશ સોરઠ-ીયા,આશાબેન પટેલ,નાજા ભરવાડ સાથે કાર્યકરો એ ઉપસ્થિત રહી વિવિધ જગ્યા પર કાર્યક્રમનું આયોજન કરાયું હોવાનું રાજન જોષીએ જણાવ્યું હતુ.

# મંગળવારે સાબરમતી સ્ટેશન પર ઈન્ટરલોકિંગ કામને કારણે કેટલીક ટ્રેનોને અસર

અમદાવાદ તા.૧૮

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના સાબરમતી સ્ટેશન પર તા.૨૦ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ પાર્સલ સાઈડિંગ કમિશનિંગના સંબંધમાં નોન- ઈન્ટરલોકિંગ કામ માટે ૪ કલાકનો બ્લોક લેવામાં આવી રહ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનોને અસર થશે, જેમાં સાબરમતી- પાટણ- સાબરમતી ડેમુ ટ્રેન સંપૂર્ણ રદ રહેશે, જ્યારે આંશિક રીતે ડાઈવર્ટ કરાયેલી ટ્રેનોમાં ગાંધીનગર કેપિટલ- મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ અને યોગનગરી ઋષિકેશથી ટ્રેન નિર્ધારિત રૂટ ખોડિયાર- સાબરમતી ખોડિયાર- સાબરમતી (ધર્મનગર બાજુ)ને બદલે પરિવર્તિત માર્ગ વાયા ખોડિયાર-સાબરમતી (જેલ/ રાણીપ બાજુ) અમદાવાદ થઈને ચાલશે. આ સમય દરમિયાન આ ટ્રેનને સાબરમતી (જેલ/રાણીપ બાજુ) સ્ટોપેજ અપાયું છે.

# સાંગનારાના ખેડૂતોનો શ્રાવણ માસે કૃષિતીર્થ યાત્રાનો અનોખો સંકલ્પ પુર્ણ કર્યો




**દેવ દર્શન સાથે કૃષીતીર્થ સમાન કેન્દ્રની મુલાકાત લઇ અન્યને પ્રેરણા આપતા આ પ્રવાસમાં અનેક લોકો જોડાયા હતા અને શિવાલયો સાથે કૃષી અંગે કાઇક અલગ કરતા ખેડુતો નિષ્ણાંતોની મુલાકાત લઇ ખુશી વ્યક્ત કરી હતી**

ભુજ તા.૧૮

કૃષિ ક્ષેત્રે પ્રયોગશીલ ગામ, સાંગનારા તા.નખત્રાણાના સરપંચ અંબારામ પટેલ ,જેન્તી પટેલ અને ખેડૂતોએ અગાઉ આ કેન્દ્રની મુલાકાત લીધેલ ત્યારે તેઓએ ગામના અન્ય ખેડૂતોને પણ કૃષિ તીર્થની મુલાકાત લેવડાવવા માટે સંકલ્પ લીધો હતો જે અનુસંધાને ગામના ૬૦ જેટલા પુરુષ અને મહિલા ખેડૂતોએ અગાઉથી સ્વ ખર્ચે એસ.ટી.બસ દ્વારા આયોજન કરી શ્રાવણ માસમાં અન્ય તીર્થ સ્થાનોની સાથે સાથે કૃષિ તીર્થ સમા સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વિભાગીય સંશોધન કેન્દ્ર,કોઠારાની મુલાકાત લીધી હતી મુલાકાત દરમ્યાન કેન્દ્રની વિવિધ પ્રવૃતિઓ ઉપરાંત ખાટી આંબલી, કોઠા/કોટ ની ખેતી, કારીંગડાની ખેતી, મૂલ્ય વર્ધિત બનાવટો, બાયોચારનું મહત્વ, બનાવવાની રીત અને તેના ઉપયોગ, પ્રાકૃતિક ખેતી વિ.બાબતો વિશે ઊંડાણ પૂર્વક ચર્ચા કરી હતી . કેન્દ્રના વૈજ્ઞાનિક ડો.દિનેશ પટેલ દ્વારા તમામ મુલાકાતીઓનું મિલેટ ગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યુ હતુ તમામ કૃષિકારોને કોઠાની ખેતીમાં રુચી દર્શાવી હતી અને કચ્છમાં લુપ્તપ્રાય થઈ રહેલ કોઠાના ફળઝાડને બચાવવા માટે સંકલ્પ લીધા હતા સાંગનારા ગામના કૃષિકારો સાથે કનકપર ગામના વાડીલાલ પટેલની પ્રેરણાથી સહ પ્રવાસીઓમાં કનકપરના પરસોત્તમ પટેલ, વસંત પટેલ અને ભગવતી પોકાર પણ જોડાયા હતા.કાર્યક્રમના અંતે આગેવાનોએ તમામને બીરદાવ્યા હતા આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે કેંન્દ્રના ખેતીવાડી અધિકારી નિલેશ પારગી, તેમજ જે.પી. સોલંકી ,ધ્રુવીલ પટેલ,વગેરે.એ સહકાર આપ્યો હતો યાત્રિકોએ કૃષિ યુનિ.ની મુલાકાત અગાઉ કનકપર ગામના ગૌચર પ્લૉટની મુલાકાત લઈ ગૌચર જાળવણી અને કનકપરની મહિલાઓ દ્વારા સહકારી ધોરણે ઉત્પાદિત ઘી વિશે પણ જાણકારી મેળવી હતી પવિત્ર શ્રાવણમાસ નિર્મીત્તે પીંગલેશ્વર મહાદેવના દર્શન અને પિંગ્લેશ્વર રાપરગઢ ની વિશાળ ગૌશાળાની મુલાકાત,ગૌસંવર્ધન વિશે જાણકારી મેળવી રાજીપો વ્યકત કર્યો હતો.

# રાજ્યમાં લો કોલેજોની પ્રવેશ પ્રક્રિયા ચાલુ કરાવવા અ.ભા.વિદ્યાર્થી પરિષદ મેદાને

**શિક્ષણ માફીઆઓ અને સેલ્ફ ફાઇનાન્સ સંસ્થાઓના માલિકો પોતાના સ્વાર્થ માટે વિદ્યાથી-'ઓના જીવન સાથે ચેડા કરી રહ્યા છે ?**

ભુજ તા.૧૯

ગુજરાતના શૈક્ષણિક જગત માટે ખુબ જ ચિંતાજનક વિષય છે કે, ઓગસ્ટ મહિના સુધી રાજ્યની સરકારી અને અર્ધ સરકારી લો કોલેજોની પ્રવેશ પ્રક્રિયા શરુ થઇ નથી, રાજ્યની અર્ધ સરકારી કોલેજોનો પ્રશ્ન ઘણા લાંબા સમયથી પડતર છે. ગત વર્ષે પણ અ.ભા. વિ.પરિષદ પ્રતિનિધિ મંડળ દ્વારા આ સંદર્ભે નિરાકરણ હેતુ રાજ્ય સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. રાજ્યની અર્ધ સરકારી લો કોલેજોની સ્થિતિ તો ખુબ જ દયનિય છે, જેના કારણે આ સરકારી અને અર્ધસરકારી કોલેજો બાર કાઉન્સિલના એકેડેમીક નિયમોનું પાલન તથા જરૂરી પ્રાધ્યાપકોની નિયુક્તિ કરી શકાતી નથી, જેથી આ કોલેજો હાલ એડમિશન પ્રક્રિયા હાથ ધરી શકતી નથી જેનો સંપૂર્ણ બોજો વિદ્યાર્થીઓની કારકિર્દી પર પડે છે, સરકારના ત્વરિત પગલાં અતિ આવશ્યક જણાઈ આવતા કાયદાવિધિનો અભ્યાસ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓના વ્યાપક હિતને ધ્યાનમાં રાખી, વિધાર્થી પરિષદ દ્વારા લૉ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે માટે દેખાવ અને આવેદનપત્ર આપી કલેકટર દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. વિધાર્થી પરિષદ દ્વારા મુખ્યત્વે ત્રણ માંગ કરવામાં આવી છે જેમાં, ગુજરાત ની તમામ સરકારી અને અર્ધ સરકારી કોલેજોની પ્રવેશ પ્રક્રિયા ત્વરિત ધોરણે ચાલુ કરવામાં આવે, ગુજરાતની અર્ધ સરકારી લો કોલેજોમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ધારાધોરણ પ્રમાણે પ્રાધ્યાપકોની ત્વરિત ભરતી કરવામાં આવે અને ગુજરાતની અર્ધ સરકારી લો કોલેજોમાં સરકાર દ્વારા પ્રત્યેક વિધાર્થીને આપવા આવતી ગ્રાન્ટમાં વધારો કરવામાં આવે. આ તમામ માંગો ન સ્વીકારાય તો વિદ્યાર્થી પરિષદે ઉગ્ર આંદોલનની તૈયારી પણ બતાવી છે. ગુજરાત પ્રદેશ મંત્રી સમર્થ ભટ્ટ જણાવે છે કે, ગુજરાતના શિક્ષણની આ પ્રકારની વ્યવસ્થા જોઈને ઘણી દુઃખની લાગણી અનુભવાય છે, શૈક્ષણિક વર્ષનો ઓગસ્ટ મહિનો શરૂ થઈ ગયો હોવા છતાં પણ હજુ સુધી લૉ કોલેજના પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી નથી, આ વિષયમાં કેટલાક શિક્ષણ માફીઆઓ અને સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓના માલિકો પોતાના સ્વાર્થ ને ધ્યાને લઈ વિદ્યાર્થીઓના જીવન સાથે ચેડા કરી રહ્યા છે તેવુ સ્પષ્ટ જણાય છે, પરંતુ સરળ,સુમેળ અને સસ્તી શિક્ષા એ દરેક માનવનો અધિકાર છે, શિક્ષણ વિભાગે આ વિષયમાં ચોક્કસપણે ત્વરિત પગલાં લેવા બહોળા વિદ્યાર્થી હિત માટે જરૂરી છે.

# માધાપર સમર્પણ મહિલા મંડળે સેનાના જવાનો સાથે રક્ષાબંધન પર્વ ઉજવ્યો




ભુજ તા.૧૯

રક્ષાબંધન એટલે ભાઈ અને બહેન માટે એક બીજા પ્રત્યેના પ્રેમ, લાગણી અને અતૂટ વિશ્વાસનું એક પવિત્ર પર્વ છે.

દેશની સેનાના જવાનો સમગ્ર દેશના વિવિધ પ્રદેશોમાંથી પોતાની ફરજ બજાવવા પોતાના પરિવારથી દૂર પોતાની લાડકવાઈ બહેનોથી હજારો કિલોમીટર દૂર સુધી આવતા હોય છે,આ દેશના જવાનોને તે એકલા નથી, પરંતુ અહીં પણ તેમનો એક પરિવાર છે, એવી લાગણીનો અનુભવ કરાવવા સમર્પણ મહિલા મંડળ,માધાપરની બહેનો દ્વારા રક્ષા બંધનનો પવિત્ર તહેવાર દેશની રક્ષા કરતા જવાનો સાથે મનાવવા માટે વિશેષ આયોજન હિતેશ હિંમતલાલ ખંડોરની આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું.

હિતેશભાઈના જણાવ્યા અનુસાર જ્યારે દેશના જવાનો ઈમાનદારી અને નિડરતા પૂર્વક રાત દિવસ જોયા વગર પોતાની ફરજ નિભાવી રહ્યા હોય ત્યારે જવાબદાર નાગરિક હોવાના નાતે આપણી સૌની પણ ફરજ છે કે, સેનાના જવાનો પણ આપણા પરિવારનો જ અભિન્ન હિસ્સો છે તેવો અનુભવ એમને કરાવવાના હેતુ આવા વિશિષ્ટ પ્રકારના આયોજનો કરવા જોઈએ.

આ આયોજનમાં સમર્પણ મહિલા મંડળની ૬૦ કરતાં વધારે બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સમગ્ર કાર્યક્રમ ૨૩ બટાલિયન જાટ રેજીમેન્ટના ૧૫૦ કરતા વધારે જવાનોએ મહિલા મંડળની બહેનો દ્વારા પોતાના હાથના કાંડે રક્ષા સૂત્ર બંધાવી ધન્યતા અનુભવી હતી અને આ ક્ષણ એમના માટે આજીવન યાદગાર બની રહેશે એવી લાગણી વ્યક્ત કરી હતી

સમર્પણ મહિલા મંડળના આ કાર્યક્રમને બળ પૂરું પાડવા માધાપર જૂનાવાસ પંચાયતના પૂર્વ સરપંચ કલુભા વાઘેલા, પૂર્વ ઉપસરપંચો દાદુભા ચૌહાણ, વિજય રાજપૂત, એપીએમસીના ડાયરેક્ટર શંભુ જરૂ, લોહાણા સમાજના હર્ષદ ઠક્કર, સોની સમાજના પૂર્વ પ્રમુખ વસંત સોની, ક્ષત્રિય સમાજના ગિરધર સિંહ, કુલદીપસિંહ, દશરથસિંહ તથા મહેશ્વરી સમાજના અગ્રણી ભરત મહેશ્વરી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન તથા સંકલન મયુર જોશીએ સંભાળ્યુ હતું.

# ભાઈ બહેનના સ્નેહનું પ્રતીક 'રાખડી'

લેખક
યોગેશ.આર.જોષી

આપણાં સમાજમાં રક્ષાબંધનના પર્વનો અનેરો મહિમા છે. કારણકે એકજ ઘરમાં ઉછરેલાં ભાઈઓ મોટા થતાં પોતાની નોકરી કે કામ ધંધા ઉપર લાગી જાય છે, જ્યારે બહેનો પરણીને સાસરે જાય છે. એકજ ઘરમાં એકજ સાથે ઉછરેલાં ભાઈઓ અને બહેનો વચ્ચે એક વિશેષ નાતો બંધાઈ જાય છે. મોટા થયાં પછી બહેન સાસરે હોવાથી ભાઈ બહેનને એકબીજા સાથે મળવાનું ઓછું બને છે તેથી ભાઈ-બહેનનો નાતો અને સંબંધ અતૂટ રહે તે હેતુથી સદીઓથી રક્ષાબંધનનું પર્વ મનાવવામાં આવે છે. આપણાં શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ જોવા મળે છે કે સૌ પ્રથમ યમરાજાની ભગિની યમી (હાલની યમુના નદી) એ પોતાના ભાઈ યમરાજને રાખડી બાંધી હતી.રક્ષાબંધનના દિવસે બહેન પોતાના ભાઈના હાથે રાખડી બાંધીને ભાઈના જીવનની રક્ષા તથા મંગલમય ભાવિની કામના કરી ભાઈના ઓવારણાં લ્યે છે.તો સામે પક્ષે ભાઈ પણ બહેનની પડખે ઉભા રહી, મુસીબતમાં બહેનને મદદ કરવાનું તથા રાખડીની લાજ નિભાવવાનું વચન આપે છે અને યથાશક્તિ વીરપસલી (ભાઈ તરફથી બહેનને અપાતી ભેટ) આપે છે. રાખી એ ફક્ત સૂતરનો તાર કે ધાગો નથી, પરંતુ ભાઈ બહેનના સ્નેહનું પવિત્ર બંધન છે. એટલે જ એક બહેન પોતાના ભાઈને કહે છે કે " ઈસે સમજો ના સૂતર કા તાર ભૈયા, મેરી રાખી કા મતલબ હૈ પ્યાર ભૈયા".

વીરાની બહેન ગમે તે સ્થળે ગમે એટલી દૂર વસી હોય, પરંતુ રક્ષાબંધનના દિવસે પોતાના વીરાને રાખડી બાંધવા જરૂરથી આવે છે અને સંજોગોવસાત રૂબરૂમાં આવી ન શકાય તો પોષ્ટ કે કુરિયર મારફત ચોક્કસ પોતાના ભાઈને રાખડી મોકલાવે છે. જે ભાઈને બહેનડી નથી એને જ રાખડીનું મૂલ્ય શું છે એ સમજાય છે. રાખડી એ બહેનનો એનાં ભાઈ પ્રત્યેનો સ્નેહ, લાગણી અને વિશ્વાસ છે. રાખડી આમ જોવા જાવ તો માત્ર એક ધાગો કે સૂતરનો તાર જ છે, પરંતુ એનું મૂલ્ય અમૂલ્ય છે. રાખડીનું કોઈ મૂલ્ય કે દામ આંકી શકાય નહીં. માત્ર આ સૂતરના ધાગામાં બહેનનો ભાઈ પ્રત્યેનો અપાર પ્રેમ,લાગણી અને અતૂટ વિશ્વાસ જોડાયેલા છે. કહેવાય છે કે દ્રૌપદીએ ભગવાન શ્રીકૃષ્ણને રાખી બાંધી હતી અને પ્રભુએ ભરસભામાં દ્રૌપદીની લૂંટાતી લાજ બચાવીને રાખડીનું કર્જ અદા કર્યું હતું. કુંતા માતાએ પોતાના પૌત્ર એવા અભિમન્યુની રક્ષા કરવા કાજે અમર રાખડી બાંધી હતી. મેવાડની રાણી કર્માવતીએ પણ મેવાડની રક્ષા કરવા મોગલ બાદશાહ હુમાયુને રાખડી મોકલાવી હતી. આમ રક્ષાબંધનનો મહિમા યુગો પુરાણો (જૂનો) છે અને જ્યાં સુધી પૃથ્વી જીવંત છે ત્યાં સુધી ભાઈ બહેનનો સ્નેહ અતૂટ રહેશે અને વીરાના હાથે રાખડી બંધાતી રહેશે.

રક્ષાબંધનને બળેવ તથા નાળિયેરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. બળેવના દિવસે બ્રાહ્મણો સમૂહમાં એકઠાં થઈ નદી કિનારે જઈ સ્નાન કરી, પૂજા અર્ચના તથા ગાયત્રી મંત્રોચ્ચાર કરી સૂરજદેવની સાક્ષીમાં જૂનું યજ્ઞોપવિત કાઢી નવું યજ્ઞોપવિત ધારણ કરે છે. યજ્ઞોપવિતને જનોઈ બદલવી એવું પણ કહેવાય છે. યજ્ઞોપવિત પણ રાખડીની જેમ ત્રણ તારનો કે છ તારનો ધાગો જ છે, પરંતુ એ દરેક બ્રાહ્મણોનું આભૂષણ છે, બ્રાહ્મણોની ઓળખ છે અને બ્રાહ્મણોનું ગૌરવ છે. તો બીજી તરફ દરિયાખેડૂઓ પોતાની નાવ, હોડી, નાનાં હોડકાં વિગેરે દરિયા કિનારે લાંગરી દરિયામાં શ્રીફળ, ચુંદડી તથા કંકુ અર્પણ કરીને સાગરદેવની પૂજા કરે છે. આમ ત્રણ પર્વો એકજ દિવસે મનાવાય છે. માટે રક્ષાબંધનનો પવિત્ર દિવસ દરેક રીતે આગવું, અદકેરું અને મહત્વનું સ્થાન ધરાવે છે.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

આજે વિશ્વ ફોટોગ્રાફી દિવસ

# ૧૮૧ વર્ષ પહેલા બનેલી એક ઘટના બાદ આ દિવસ મનાવવામાં આવે છે

માનવીની ઈચ્છાશક્તિ અને વિજ્ઞાનને આસમાને પહોંચાડનાર ફોટોગ્રાફીની કલાને વંદનનો દિવસ એટલે વિશ્વ ફોટોગ્રાફી દિવસ.૧૯ ઓગષ્ટનો દિવસ "વિશ્વ ફોટોગ્રાફી દિન" તરીકે મનાવવામાં આવે છે. આ દિવસ એવા લોકોને સમર્પિત હોય છે, જેમણે ખાસ ક્ષણોને તસવીરોમાં કેદ કરીને તેમને હંમેશા હંમેશા માટે યાદગાર બનાવી દીધી છે. એક સમય હતો જ્યારે લોકો પાસે કેમેરો ન હતો. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં લોકો ફોટો પડાવવા માટે કેટલાય કિલોમીટર દૂર ફોટો સ્ટૂડિયોમાં જતા હતા. પરંતુ આજના સમયમાં લગભગ બધા જ લોકો પાસે કેમેરો અથવા કેમેરાવાળો મોબાઈલ હોય છે જેની મદદથી તેઓ ક્યાંય પણ અને ક્યારેય પણ પોતાની યાદગાર ક્ષણો કેમેરામાં કેદ કરી શકે છે તેને પોતાની પાસે હંમેશા માટે સાચવીને રાખી શકે છે..વિશ્વમાં ઘણા બધા લોકો એવા છે જે ફોટોગ્રાફીના શોખીન છે અને તેમણે ફોટોગ્રાફીને જ પોતાનું કરિયર બનાવી લીધું છે. ખાસ કરીને આ પ્રકારના જ લોકો માટે અને વિશ્વભરના ફોટોગ્રાફરોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે આ દિવસ મનાવવામાં આવે છે.





જાણ્યું અજાણ્યું
ડો.મિહિર એમ.વોરા

વિશ્વ ફોટોગ્રાફી દિવસનું મહત્વ જાગરૂકતા પેદા કરવાનું, અને પોતાના વિચારોને એક તસવીર મારફતે શેર કરવાનું અને ફોટોગ્રાફીના વિસ્તારમાં પોતાનું કરિયર વિકસાવવા માટે લોકોને પ્રોત્સાહિત કરવાનું છે. આ દિવસ ન માત્ર તે વ્યક્તિની યાદ અપાવે છે જેમણે ફોટોગ્રાફીમાં વિશેષ યોગદાન આપ્યું છે પરંતુ ભવિષ્યની પેઢીને પણ પોતાની ફોટોગ્રાફીની કુશળતા રજૂ કરવા માટે પ્રેરિત કરે છે. વર્લ્ડ ફોટોગ્રાફી ડે મનાવવા પાછળની સ્ટોરી સેંકડો વર્ષ જૂની છે. આજથી લગભગ ૧૮૧ વર્ષ પહેલા બનેલી એક ઘટના બાદથી જ આ દિવસ મનાવવામાં આવે છે. તેની શરૂઆત ફ્રાન્સમાં ૯ જાન્યુઆરી, ૧૮૩૯થી શરૂ થઇ હતી. તે સમયે ડૉગોરોટાઇપ પ્રક્રિયા જાહેર કરવામાં આવી હતી, જેને વિશ્વની પ્રથમ ફોટોગ્રાફી પ્રક્રિયા માનવામાં આવે છે..આ પ્રક્રિયાનો આવિષ્કાર ફ્રાન્સના જોસેફ નાઇસફોર અને લુઇસ ડૉગેરે કરી હતી. ૧૯ ઑગષ્ટ, ૧૮૩૯ના રોજ ફ્રાન્સની સરકારે આ આવિષ્કાર વિશે જાહેર કર્યુ હતુ અને તેનું પેટેન્ટ પોતાના નામે કરાવ્યું હતું. આ દિવસની યાદમાં જ વર્લ્ડ ફોટોગ્રાફી ડે એટલે કે વિશ્વ ફોટોગ્રાફી દિવસ મનાવવામાં આવે છે. કહેવામાં આવે છે કે અમેરિકાના ફોટો પ્રેમી રૉબર્ટ કૉર્નેલિયસ એવા વ્યક્તિ હતા, જેમણે વિશ્વની પ્રથમ સેલ્ફી ક્લિક કરી હતી. તેમણે વર્ષ ૧૮૩૯માં આ સેલ્ફી લીધી હતી.

જો કે તે સમયે તેઓ એ બાબતથી અજાણ હતા કે તેમની આ પ્રકારની પોતાની તસવીર ક્લિક કરવાની કળા ભવિષ્યમાં સેલ્ફીના નામથી પ્રચલિત થશે.. તે તસવીર આજે પણ યૂનાઈટેડ સ્ટેટ લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ પ્રિન્ટમાં ઉપલબ્ધ છે.૧૯ ઓગષ્ટ, ૨૦૧૦ના રોજ પ્રથમ વૈશ્વિક ઓનલાઇન ગેલરીની યજમાની કરવામાં આવી હતી. આ દિવસ ફોટોગ્રાફીના શોખીન અથવા પ્રોફેશનલ ફોટોગ્રાફરો માટે ઐતિહાસિક ક્ષણ હતી, કારણ કે ભલે તે અત્યાર સુધીની પ્રથમ ઓનલાઇન ગેલેરી હતી પરંતુ આ દિવસે ૨૫૦ થી વધુ ફોટોગ્રાફરોએ તસવીરોના માધ્યમથી પોતાના વિચારો શેર કર્યા હતા અને ૧૦૦થી વધુ દેશોના લોકોએ વેબસાઇટમાં ફોટોગ્રાફી ટેલેન્ટને નિહાળ્યું હતું. એક સમય હતો જ્યારે લોકો પાસે કેમેરો પણ નહોતો.

ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, લોકો ફોટોગ્રાફ્સ લેવા માટે ઘણા કિલોમીટર દૂર ફોટો સ્ટુડિયોમાં જતા હતા. પરંતુ આજે લગભગ દરેક વ્યક્તિ પાસે કેમેરો અથવા કેમેરા વાળો મોબાઈલ હોય છે, જેથી લોકો આરામથી ગમે ત્યાં ફોટો લઈ શકે છે. દુનિયામાં ઘણા લોકો એવા છે કે જેમને ફોટોગ્રાફીનો શોખ છે અને તેમણે પોતાની કારકિર્દી તરીકે ફોટોગ્રાફી પસંદ કરી છે. ખાસ કરીને આવા લોકો માટે અને દુનિયાભરના ફોટોગ્રાફરોને પ્રોત્સાહિત કરવા માટે આ દિવસ દર વર્ષે ઉજવવામાં આવે છે.કચ્છમાં પણ ફોટોગ્રાફર દ્વારા વિશ્વ ફોટોગ્રાફી દિવસની ઉજવણી કરવામાં આવે છે. અને કચ્છના ઐતિહાસીક સ્થળો તથા અન્ય જાણીતી જગ્યાની ફોટોગ્રાફી કરી તેને ઉજાગર કરવાના પ્રયત્ન સાથેની પ્રતિયોગીતા આયોજીત કરાય છે.

# સરહદ ના સંત્રીઓ સાથે રક્ષા બંધન પર્વની ઉજવણી કરવા પહોચ્યા સાંસદ





**દર વર્ષની જેમ દિવાળી-રક્ષાબંધન જેવા પર્વમાં પરિવારથી દુર જવાનોને પરિવારની હુંફ મળે તે માટે કચ્છના સાંસદ તથા તેમની ટીમ સરહદ પર જવાનો વચ્ચે તહેવાર ઉજવવા પહોંચે છે ત્યારે રક્ષાબંધનની ઉજવણી માટે સાંસદ સરહદે પહોચ્યા હતા**

ભુજ તા.૧૯

રક્ષા બંધનના આગલા દિવસે કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ સરહદના જવાનો સંગ અબડાસા તાલુકાનાં જખૌ વિસ્તારમાં અબડાસા ભાજપા મંડલ, કચ્છ જીલ્લા ભાજપની બહેનો, કચ્છ યુવક સંઘ સંચાલીત બી.બી.એમ. હાઈસ્કુલ બીદડાની વિધાર્થિનીઓ, વિવિધ સંસ્થાની બહેનો અને નલિયા વિસ્તારની બહેનો સાથે જઇ રક્ષા બંધનની ઉજવણી કરી હતી. ભારત તહેવારો નો દેશ છે. આપણે ધાર્મિક, સામાજીક અને રાષ્ટ્રીય તહેવારો ઉજવીએ છીએ તેમાં પણ ભાઈ બહેનના પ્રેમનું પ્રતિક રક્ષા બંધનના દિવસે બહેન ભાઈની કલાઈ પર રાખડી બાંધી ને આશિષ આપે છે. અને ભાઈ બહેન ના સુખ દુખ માં સહભાગી થવાનો વચન આપે છે. તેમ જણાવતા સાંસદશ્રી વિનોદભાઈએ જણાવ્યુ હતુ કે, પવિત્ર દિવસ ને બળેવ તરીકે પણ ઓળખાય છે.પવિત્ર દિને બ્રાહમણો જનોઇ બદલે છે. માછીમારો દરિયા દેવની પુજા કરે છે. આપણી અને આપણા માં ભોમ ની રક્ષા કરતાં સરહદના સંત્રીઓ પણ કોઈ બહેન ના ભાઇ છે. રક્ષા બંધનના વતન થી દુર, બિહામણા રણ પ્રદેશ, દરિયા કિનારે અથવા સરહદે સતત હાજર રહી સરહદના સંત્રીઓને તેમના દીલને પણ ઓછું ન લાગે માટે દર વર્ષે લોક પ્રતિનિધિઓ સંગઠન અને સાથી મિત્રો સાથે વિવિધ બોર્ડર ચેક પોસ્ટ પર જઇ તેમના ખમીર – સેવા અને સુરક્ષા ને બિરદાવી સાથે આવેલ બહેનો દ્વારા તેમનું મોઢું મીઠું કરાવી રક્ષા સુત્ર બાંધી તેમને આશિષ પાઠવમાં આવે છે. તેમ વિનોદ ચાવડાએ જણાવ્યુ હતુ. જખૌ કોસ્ટલ એરિયા, ૧૫૩ બટાલિયન જવાનો સાથે ઉજવણી કરવામાં આવી હતી. બીએસએફ હેડ કમાન્ડન્ડ મનીષ નેગી,ડેપ્યુટી કમાન્ડન્ડ રાજકુમાર શર્મા, સિકંદર ફિરોદી સહિત દરેક જવાનોને મીઠાઇ નું બોક્ષ અને સાલ વડે સન્માન કરવામાં આવ્યુ હતુ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત અધ્યક્ષ જનકસિંહ જાડેજા, અંગદાન પ્રણેતા દિલીપ દેસમુખ,તથા મહાવીરસિંહ જાડેજા,જયદીપસિંહ જાડેજા, પ્રકાશ ડગરા, વિશાલ ઠક્કર કારોબારી ચેરમેન માંડવી નગરપાલિકા,પુર્વ જીલ્લા પ્રમુખ શ્રીમતી પારૂલ કારા, જીલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ ગોદાવરી ઠક્કર, રવિ ગરવા, એ.એસ.ગરવા, મોહન ચાવડા, વસંત વાઘેલા, મીઠુ વાઘેલા, યોગેશ ત્રિવેદી, કમલેશ ગરવા, નરેશ મહેશ્વરી, હિતેષ ગોસ્વામી, નીલેશ દાફડા, વેરશી સંજોટ, સરકારી વકીલ પ્રવીણ વાણિયા, બાંડીયા સરપંચ નીલેશ, પરેશ ભાનુશાલી તથા અબડાસા પ્રભારી અમુલ દેઢીયા, મહામંત્રી માંડવી શહેર કિશનસિંહ જાડેજા, વિઘોડી સરપંચ ભરત વાઘેલા, સહિત મોટી સંખ્યામાં મહિલા મોરચા ની બહેનો, વિધાર્થિનીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને રક્ષા બંધનનો તહેવાર જવાનો સાથે સહ ભોજન કરી ઉજવી કર્યો હતો.સાંસદની પ્રેરણાથી અને આયોજન થી આ રક્ષા બંધનનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો.

# જિલ્લા કિશાન સંઘની નવી ટીમ વરાઈ

ભુજ તા.૧૯

કચ્છ જિલ્લા ભારતીય કિસાન સંઘની તા.૧૬/૮ ના ભુજ બીએપી એસ સત્સંગ હોલ ખાતે મળેલી વિશેષ કારોબારી બેઠકમાં જિલ્લાની ટીમનું જિલ્લા પ્રમુખ શિવજી બરડીયાએ વિસર્જન કર્યું હતું.

જિલ્લાના નવા પ્રમુખ તરીકે કરમણ ગાગલનુ નામ સુચવાયું હતું જેને અન્ય કાર્યકર્તાઓએ સમર્થન કરતાં સર્વાનુમતે પ્રમુખ પદે વરાયા હતા, જ્યારે મંત્રી તરીકે વાલજી લીંબાણી અને કોષાધ્યક્ષ તરીકે હરૂભાઈ વોરાની જાહેરાત કરવામાં આવી હતી.



**વરાયેલી ટીમનો મુખ્ય ત્રણ એજન્ડા પર કામ કરવા નિર્ધાર**

વિદાય લેતા પ્રમુખ શિવજી બરાડીયાએ તેમના ગત ત્રણ વર્ષના કાર્યકાળમાં કરેલી કામગીરીનો ચીતાર આપ્યો હતો, જેમાં કચ્છના પ્રાણ પ્રશ્ન એવા નર્મદાના વધારા ના પાણીની મંજૂરી, ખેડૂતોને વીજ લાઈનો તેમજ પાઈપ લાઇનનોમાં જતી જમીનનું યોગ્ય વળતર આંદોલનો કરીને સંગઠન માધ્યમથી અપાવ્યું, કોરોના વખતે તેમજ વાવાઝોડા વખતે રાષ્ટ્રના હિતને ધ્યાનમાં રાખીને કિસાનસંઘની સેવા, પાક વીમા તેમજ પાક નુકસાનીનું વળતર અપાવવુ, ખાતરોની તેમજ બીજ પૂર્તિ કરાવવી, સંપૂર્ણ જિલ્લામાં પ્રયત્ન કરીને ૮૫ હજાર જેટલા સભ્યો બનાવ્યા ૩૮૦ ગામ સમિતિઓની બનાવવી વગેરે સિદ્ધિઓનો ઉલ્લેખ કરી સૌના સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

બેઠકમાં રાષ્ટ્રીય કારોબારી સદસ્ય દાદા લાડ, પ્રદેશ પ્રમુખ જગમાલ આર્ય, પ્રદેશ ઉપાધ્યક્ષ શામજી મેયાત્રા, પ્રદેશ મહિલા સયોજિકા રાધાબેન ભુડીયા, કચ્છ જિલ્લા મંત્રી વાલજી લીંબાણી, કોષાધ્યક્ષ હરૂભાઈ વોરા જિલ્લા ઉપપ્રમુખ રામજી છાગા, ભચા માતા, ડાયાભાઈ રૂડાણી, પરસોતમ પોકાર, પૂર્વ પ્રમુખ કિશોરભાઈ,વાલી મોહન લીંબાણી, કરમણ ગાગલ, મહિલા પ્રમુખ વાલુબેન, જિલ્લાના તાલુકાના તમામ હોદ્દેદારો ગામ સમિતિ હોદ્દેદારો તેમજ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રદેશ પ્રમુખ તેમજ દાદા લાડ,પ્રદેશ ઉપાધ્યક્ષ શામજી મેયાત્રાએ પોતાની વાતમાં સંગઠનનું મહત્વ સમજાવી જણાવ્યું હતું કે, દેશની સરકાર ગમે તે હોય તે હંમેશા ઉદ્યોગો તરફી રહેલી છે, સરકાર ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં પાછળ રહી છે.


નવી રચાયેલ ટીમે આગળના સમય માટે મુખ્ય ત્રણ એજન્ડા(ઠરાવ) કર્યા છે. ૧: કચ્છને ફાળવાયેલા નર્મદાના રેગ્યુલર પાણીના કમાન્ડ એરિયાને માઈનોર અને રામ માઈનોર કેનાલના કામો કરીને પાણી આપવું, વધારાના એક મીલિયન એકર ફીટ પાણી ફાળવાયા છે, તેને વહીવટી મંજુરી મળી છે તો બાકી રહેતા અડધો એમએફ પાણીની મંજુરી આપવી.

૨: કચ્છના ડેમો અને તળાવો ઉંડા કરવામાં આવે તેમજ નવા બનાવાય. હાલ ડેમોમાંથી ખુલી કેનાલોમાં સિંચાઇ થાય છે તેની જગ્યાએ દરેક ખેડૂતના ખેતર સુધી પાઈપ લાઇનથી પાણી પહોંચાડવામાં આવે.

૩: હાલના સમયમાં ખેતી ખુબ ખર્ચાળ થતી જાય છે તેના માટે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તેવી યોજના અમલી બનાવવી.

છેલ્લે આભાર વિધિ શિવજીભાઈ એ કરી હતી.

# વડોદરાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ને જોડતા રસ્તાને હાઈસ્પીડ કોરીડોર તરીકે વિકસાવાશે



ગાંધીનગર,તા.૧૮

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પ્રવાસન સ્થળ તરીકે ખ્યાતિ પ્રાપ્ત સ્ટેચ્યુ ઓફ યુનિટી-એક્તા નગર સાથે વડોદરાને જોડતા રસ્તાને હાઈસ્પીડ કોરીડોર તરીકે વિકસાવવાના કામો માટે રૂપીયા ૩૮૧.૧૬ કરોડની મંજૂરી આપી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા "સ્ટેચ્યુ ઓફ યુનિટી" સરદાર સરોવર નર્મદા બંધ-એક્તા નગરમાં નિર્માણ પામી છે.

આ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને એક્તા નગરનું સમગ્ર પરિસર અનેક પ્રવાસન આકર્ષણો સાથે વિશ્વ ભરના પ્રવાસીઓનું કેન્દ્ર બન્યું છે અને મોટા પાયે ટુરીસ્ટ અહિં આવતા રહે છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રવાસીઓને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી પહોંચવામાં સરળતા રહે સાથો સાથ સમય અને ઈંધણનો બચાવ થાય અને સમગ્ર ક્ષેત્રના ટુરીઝમ વિકાસને વેગ મળે તે હેતુથી આ હાઈસ્પીડ કોરીડોરના નિર્માણની મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ આપેલી આ મંજૂરીના પરીણામે હાઈસ્પીડ કોરીડોર ના ફેઝ-૧ની કામગીરી અન્વયે વડોદરા નેશનલ હાઈવે ૪૮ જંક્શન થી વુડા હદ સુધી છ-માર્ગીય રોડ તથા બંને બાજુ સર્વિસ રોડની કામગીરી, વુડા હદ થી ડભોઇ સુધીની લંબાઇ પૈકી બાકી રહેલ ૨.૫ કી.મી. લંબાઈમાં સ્ટાન્ડર્ડ ચાર માર્ગીય કરણની કામગીરી હાથ ધરવામાં આવશે.

એટલું જ નહી, આ કામગીરીમાં બે અન્ડરપાસ અને બે એલીવેટેડ કોરીડોર પણ નિર્માણ થશે. તદનુસાર રતનપુર ચોકડી ઉપર તથા થુવાવી જંક્શન ઉપર ૬ માર્ગીય વ્હિકલ અન્ડરપાસ, તેમજ કેલનપુર ગામમાં અને સિનોર ચોકડી ઉપર ૪ માર્ગીય એલીવેટેડ કોરીડોરની કામગીરીનો પણ સમાવેશ થશે.

# કચ્છમાં જુગારીઓ પર પોલીસ ત્રાટકી છ દરોડામાં ૩૯ ખેલીઓ ઝડપાયા

**કચ્છમાં શ્રાવણ મહિનામા જુગારીઓએ પડ માંડી રહ્યા છે પુર્વ પશ્ચિમ કચ્છના વિવિધ દરોડોમાં પોલીસે અનેક લોકોને જુગાર રમતા પકડ્યા હતા. જો કે પોલીસની કાર્યવાહી વચ્ચે પણ જુગારના શોખીનો અલગ-અલગ જગ્યાએ ખેલ રમી રહ્યા છે**









કચ્છમાં અલગ-અલગ જુગારના દરોડોમાં પોલીસે અનેક લોકોને જુગાર રમતા ઝડપી પાડ્યા છે. ગાંધીધામ "બી" ડીવીઝન પોલીસે જુગાર પકડવા કરેલી સ્પેશ્યલ ડ્રાઈવ દરમિયાન પડાણાના ૭ ઈસમોને ઝડપ્યા હતા. પોલીસ ઈન્સપેક્ટર એસ.વી.ગોજીયાની સુચનાથી સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓને પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી આધારે પડાણા ગામની તળાવની પાળ ઉપર રોડ લાઈટના અજવાળામાં ગંજીપાનાનો જુગાર રમતા આરોપીઓ યોગેશ અરજણ ઝરૂ, મુકુંદ અરજણ ઝરૂ, હરેશ બધા મરંડ, હરી શામજી હુંબલ ઉ.વ.૩૮ રહે- મોટા હુંબલ,વાલજી સખાયા ચાવડા,બધાભાઈ શામજી ચાવડા અને નારણ અરજણ હુંબલ (રહે તમામ પડાણા તા.ગાંધીધામ) ને રોકડા રૂપિયા ૧૧,૨૦૦ અને ગંજીપાના નંગ-૫૨ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી.અંજાર પોલીસે બાતમી આધારે મેઘપર કુંભારડીમાં ખુલ્લામાં જુગાર રમતા પાંચ ખેલીઓને ઝડપી પાડયા હતા. અંજાર પોલીસ સ્ટાફના માણસોને પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી આધારે મેઘપર કુંભારડી સિધ્ધેશ્વર પાર્ક સોસાયટીની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં ગંજીપાના જુગાર રમી રહેલા ઈસમો પર રેઈડ કરી, રામ ખેરાજ ગઢવી,રામ અરજન ગઢવી,નવીનભા રાજભા ગઢવી રહે. તમામ મેઘપર કુંભારડી, તેમજ જીવણ મગણા સોલંકી, અને થારપા પુનશી ગઢવી બંને રહે. આદીપુર તા.ગાંધીધામને ગંજીપાના તથા રોકડા રૂ.૧૧,૭૦૦ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી પોલીસ ઈન્સપેક્ટર એ.આર.ગોહીલ, સબ ઈન્સ.જે.એસ. ચુડાસમા, પી.એન.ઝાલા તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા કરાઈ હતી.અંજાર વિજયનગર- કોલીવાસમાં રેઈડમાં ત્રણ જુગારી ઝડપાયા હતા. અંજાર પોલીસ સ્ટાફના માણસોને પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી આધારે કોલીવાસમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમતા ઈસમો પર રેઈડ કરી મામદ હુશેન સંધાર, સચીન વિનોદ ઠક્કર અને અસલમ સુલેમાન જતને રોકડા રૂ.૧૧,૦૦૦ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.તો બીજી તરફ નખત્રાણા પોલીસે જુગારના બે અલગ-અલગ દરોડોમાં ૧૨ લોકોને જુગાર રમતા ઝડપ્યા હતા જેમાં મોટી વિરાણી ગામે જુગાર રમતા રામજી ગરવા,જુસબ ઈશાક લોહાર વિશ્રામ જેપાર,નાથાલાલ ખોખર તથા રામજી ગરવા,અબ્દુલ ખલીફા,કાનજી બડીયાને જુગાર રમતા દસ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા તો અન્ય દરોડોમાં ખીરસરા નેત્રમાં જુગાર રમતા મનોજ બડીયા,પ્રવીણ વાઘેલા,રમેશ વાઘેલા,જયેશ વાઘેલા તથા રમેશ વાઘેલાને ઝડપી પાડ્યા હતા

# દેવપર(યક્ષ)નેશનલ હાઈવે પર ઢોરોનો જમેલો અકસ્માત નોતરશે



આણંદપર(યક્ષ)તા.૧૯

હાઈવે રોડપર આવતા ગામડા ઓમાં દિવસા દિવસ રખડતા ઢોરોનો ત્રાસ વધતો જાય છે,પહેલા શહેરમાં રસ્તાઓ તેમજ શેરીઓમાં ઢોરોનો ત્રાસ જોવા મળતો હતો જે આજે પણ યથાવત છે, હવે આ સમસ્યા હાઈવે રોડ પર આવતા ગામડાઓમાં પણ વકરી છે.

રોડ પર રખડતા ઢોરોના જમેલા થકી વાહનચાલકોને ત્યાંથી પસાર થવું મુશ્કેલ બનતું જાય છે,તેમાં દ્વિચક્રી વાહનચાલકોએ ડબલ સવારીમાં નીકળવું એટલે અભિમન્યુનો સાતમો કોઠો જીતવા સમાન હોય છે.


અહીંના જાગૃત નાગરિક મામદ કુંભારે જણાવ્યું હતું કે, ભુજ-નખત્રાણા હાઈવે રોડપર નખત્રાણા તાલુકાના દેવપર(યક્ષ) હાઈવેની પણ હાલત રખડતા ઢોરો થકી લોકો તેમજ નાના મોટા વાહન ચાલકોને આ રોડ પરથી નિકળવવું મુશ્કેલ બન્યું છે, આ ગામ ધંધાકીય ક્ષેત્રે વિકસેલું ગામ છે,અહીં દરરોજ આજુ બાજુ ના ગામલોકો ખરીદી તેમજ ધંધાર્થે આવતા હોય છે, ત્યારે રોડ પર જમેલો અને જમાવટ કરીને બેસતા ઢોરો તેમજ દરરોજ થતા આંખલા યુધ્ધ લોકો માટે જોખમ રૂપ થતા જાય છે, આંખલા યુધ્ધો લોકો માટે જીવલેણ પણ સાબિત થયા છે.

રાત્રીના ભાગે પણ રખડતા ઢોરો રોડ પર બેસતા હોય છે.નાના મોટા વાહન ચાલકોને સામેવાળા વાહનોની લાઈટના કારણે ખબર ના પડવાના કારણે પટકાવવાનો વખત આવે છે, ગામ નજીક રખડતા અને રોડની વચ્ચે બેસતા ઢોરોને પકડવાની જવાબદારી કોની સ્થાનિક ગ્રામ પંચાયતની કે માર્ગ વિભાગની ? બનેમાંથી જે કોઈની જવાબદારી હોય તેને આ કામગીરી તાત્કાલીક ધોરણે કરવી જોઈએ તેવું મામદ કુંભારે જણાવ્યું હતું.

# અમદાવાદ ઈડીની દિલ્હી, ગુડગાંવમાં કાર્યવાહી, બેન્ક ખાતામાંથી ૪૯ કરોડ જપ્ત

અમદાવાદ,તા.૧૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને વીરટોરસ પેમેન્ટ સોલ્યુશન એલએલપીની શંકાસ્પદ કામગીરી અંગે બાતમી મળતા ઈડીએ અમદાવાદ ઉપરાંત દિલ્હી અને ગુડગાંવમાં દરોડા પાડ્યા છે. ઈડીએ દિલ્હી અને ગુડગાંવમાં ચાર જગ્યાઓ પર સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. ઈડીએ ગેરકાયદેસર ગેમિંગ એપ્લિકેશનને લઈને સર્ચ ઓપરેશન કર્યુ છે. સર્ચ ઓપરેશન દરમિયાન ઈડીએ બેંક્ર ખાતામાં રૂ. ૪૯ કરોડ જપ્ત કર્યા છે. સર્ચ દરમિયાન ડિજિટલ દસ્તાવેજ અને ડોક્યુમેન્ટ જપ્ત કર્યા છે. ઈડીએ વીરટોરસ પેમેન્ટ સોલ્યુશન એલએલપીમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે.




એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ સુરતના રહેવાસી શૈલેષ ભટ્ટની ૨૦૧૭ના બિટકોઈન ખંડણીના કેસમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ , ૨૦૦૨ હેઠળ ધરપકડ કરી હતી. એજન્સીની નોંધ મુજબ ભટ્ટે કથિત રીતે ૨,૦૯૧ બિટકોઇન્સ, ૧૧,૦૦૦ લાઇટ કોઇન્સ અને રૂ. ૧૪.૫ કરોડ રોકડની ઉચાપત કરી હતી, જેની કુલ કિંમત રૂ. ૧,૨૩૨.૫ કરોડ હતી. ઉલ્લેખનીય છે કે ઈડીએ ૨૦૧૭-૧૮માં બિટકનેક્ટ કોઈનમાં રોકાણ કરવા માટે લોકોને લલચાવીને બિટકનેક્ટ કોઈનના પ્રમોટર સતીશ કુંભાણી દ્વારા જનતા સાથે છેતરપિંડી કરવાના મામલે સીઆઇડી ક્રાઈમ, સુરત દ્વારા નોંધાયેલી બે એફઆઈઆરના આધારે તપાસ શરૂ કરી હતી. . ત્યારપછી, સતીશ કુંભાણીએ જાન્યુઆરી ૨૦૧૮ માં બિટકનેક્ટ કોઈનનું વેચાણ અને ધિરાણ પ્લેટફોર્મ અચાનક બંધ કરી દીધું, આમ જનતાના નાણાંની છેતરપિંડી કરી અને ભાગી ગયો," એજન્સીની નોંધ કહે છે. ઈડીની તપાસમાં બહાર આવ્યું છે કે ભટ્ટે કુંભાણીના બે કર્મચારીઓનું તેમના રોકાણો વસૂલવા માટે અપહરણ કર્યું હતું અને તેમની મુક્તિના બદલામાં ક્રિપ્ટોકરન્સી અને રોકડની ઉચાપત કરી હતી. ભટ્ટે એજન્સીને જણાવ્યું હતું કે તેણે ગુનાની આવક, લગભગ રૂ. ૨૮૯ કરોડ, તેના સાથીદારોને વહેંચી દીધા હતા. તેનો ઉપયોગ સ્થાવર મિલકત, સોનું અને અન્ય સંપત્તિ ખરીદવા માટે થતો હતો. આ કેસના સંબંધમાં ઈઢએ અત્યાર સુધીમાં લગભગ ૪૪૨ કરોડ રૂપિયાની જંગમ અને જંગમ મિલકતો જપ્ત કરી છે. ભટ્ટને સ્પેશિયલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ તેમને ઈડીની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના હસ્તે શરણાર્થીઓને ભારતીય નાગરિક્તા મળી

અમદાવાદ,તા.૧૮

અમિત શાહે આજે ૧૮૮ હિંદુ શરણાર્થીઓને ભારતીય નાગરિક્તા આપી છે. પડોશી દેશોમાંથી આવેલા ૧૮૮ હિંદુ શરણાર્થીઓને સીએએ હેઠળ ભારતીય નાગરિક્તાના પ્રમાણપત્ર અમિત શાહે એનાયત કર્યા હતા. આ તકે અમિત શાહે જણાવ્યુ કે આ અત્યંત ભાવુક કરનારી ક્ષણ છે. અત્યાર સુધી આ લોકો શરણાર્થી કહેવાતા હતા હવે ભારત માતાના પરિવારમાં સામેલ થઈ જશે. શાહે કહ્યુ સીએએ માત્ર દેશમાં વસેલા લાખો લોકોને નાગરિક્તા દેવાનો કાર્યક્રમ નથી. પરંતુ સીએએ દેશમાં વસતા લાખો શરણાર્થીઓને ન્યાય આપવાનો અને અધિકાર આપવાનો કાયદો છે.



અમિત શાહે વિપક્ષ પર પ્રહાર કર્યો કે ભૂતકાળમાં કોંગ્રેસ પાર્ટી તેમના સાથીદળોની તુષ્ટિકરણની નીતિને કારણે વર્ષ ૧૯૪૭ થી લઈને ૨૦૧૪ સુધી શરણાર્થીઓને તેમના અધિકારથી વંચિત રખાયા. પડોશી દેશોમાં તો તેમની સાથે અન્યાય થયો કારણ કે તેઓ અલ્પસંખ્યક હિંદુ, જૈન, બૌદ્ધ અને શીખ હતા. પરંતુ તેમની પ્રતાડના આપણા દેશમાં પણ થઈ. લાખો કરોડો લોકો ત્રણ ત્રણ પેઢી જતી રહી તો પણ ન્યાય માટે તરસતા રહ્યા.

અમિત શાહે કહ્યુ કોઈપણ દેશનું વિભાજન ધર્મના આધાર પર નથી થયુ. એકમાત્ર ભારતનું વિભાજન આઝાદી સમયે ધર્મના આધારે કરવામાં આવ્યુ. આ દરમિયાન ભયાનક કોમી રમખાણો થયા હતા. કરોડો ભારતીયો એ ક્યારેય નહીં ભૂલી શકે કે કેટલી પારવાર વેદના પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશમાં રહેતા હિંદુ, બૌદ્ધ, જૈન, શીખોએ સહન કરવી પડી છે. કુંટબોના કુટુંબો ઉજડી ગયા, કરોડોપતિ, અબજોપતિઓ ગાંધીધામમાં આવી રોડ પર શાકભાજી વેચવા લાચાર બની ગયા, આનાથી મોટો અત્યાચાર આખી દુનિયામાં ક્યાંય નથી થયો. એ સમયે ભાગલાનો નિર્ણય તો લીધો પરંતુ જ્યારે હિંસાની ઘટનાઓ સામે આવી તો કોંગ્રેસના દરેક નેતાઓએ વચન આપ્યુ હતુ કે પડોશી દેશોમાં જે શરણાર્થીઓ આવે છે, તેમને ભારતીય નાગરિક્તા આપવામાં આવશે. પરંતુ જેમ-જેમ ચૂંટણીઓ આવતી ગઈ તેમ તેમ તેઓ નિર્ણયમાંથી ફરી ગયા. જવાહર લાલ નહેરુએ આપેલા વચન, મહાત્મા ગાંધીનું આહ્વન બધુ જ વિસારી દેવાયુ. કારણ કે તેમને લાગ્યુ કે હિંદુ શરણાર્થીઓને નાગરિક્તા આપશુ તો આપણી વોટબેંક નારાજ થઈ જશે,આ તુષ્ટિકરણની નીતિને કારણે લાખો કરોડો લોકોને નાગરિક્તાથી વંચિત રહેવુ પડ્યુ. આનાથી મોટુ કોઈ પાપ ન હોઈ શકે.